Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૩૩


## શુદ્ધપર્યાયવડે શુદ્ધદ્રવ્યનો સ્વીકાર

જ્ઞાનરૂપ થઈને જ જ્ઞાનસ્વરૂપ આત્માનો સ્વીકાર થાય છે.
નિર્મોહપરિણતિપૂર્વક નિર્મોહ આત્માનો સ્વીકાર થાય છે.
દોષરહિત પરિણતિ વડે નિર્દોષ સ્વભાવનો સ્વીકાર થાય છે.
નિઃશલ્યપરિણતિ વડે નિઃશલ્ય આત્માનો સ્વીકાર થાય છે.
'આત્મા જ્ઞાયકભાવ છે' એમ સ્વીકાર કરનાર પરિણતિ જ્ઞાનરૂપ થઈ છે.
આત્મા નિર્મોહ છે – એમ સ્વીકાર કરનાર પરિણતિ નિર્મોહ થઈ છે.
આત્મા નિર્દોષ છે – એમ સ્વીકાર કરનાર પરિણતિ નિર્દોષ થઈ છે.
આત્મા નિઃશલ્ય છે – એમ સ્વીકાર કરનાર પરિણતિ નિઃશલ્ય થઈ છે.
જ્ઞાનપરિણતિ વગર જ્ઞાયકભાવનો સ્વીકાર થઈ શકે નહિ.
નિર્મોહ પરિણતિ વગર નિર્મોહસ્વભાવનો સ્વીકાર થઈ શકે નહિ.
નિર્દોષ પરિણતિ વગર નિર્દોષસ્વભાવનો સ્વીકાર થઈ શકે નહિ.
નિઃશલ્યપરિણતિ વગર નિઃશલ્યસ્વભાવનો સ્વીકાર થઈ શકે નહિ.

– આમ શુદ્ધદ્રવ્ય ને શુદ્ધપર્યાયની અલૌકિક સંધિ છે.

તંત્રીઃ **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર** * સંપાદકઃ **બ્ર. હરિલાલ જૈન**
વીર સં. ૨૪૯૭, અષાઢ (લવાજમઃ **ચાર રૂપિયા**) વર્ષ ૨૮ઃ અંક ૯
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# વીસ દિવસ સુધી અધ્યાત્મરસની વર્ષા કરીને આપે અમારા જીવનમાં ધર્મનું સીંચન કર્યું



જયપુરમાં ગુરુદેવનો ઉપકાર માનતાં શેઠશ્રી પૂરણચંદજી ગોદિકા ભાવભીના ચિત્તે કહે છે કે–

હે ગુરુદેવ! જયપુર શહેરમાં અમારા આંગણે આપ ૨૦ દિવસ બિરાજ્યા અને ટોડરમલ – સ્મારક ભવનમાં પ્રવચનો દ્વારા અધ્યાત્મરસની વર્ષા કરીને રાજસ્થાનમાં અધ્યાત્મનું ક્રાંતિકારી આંદોલન ફેલાવી દીધું. વીસ દિવસ સુધી નિરંતર આપના સત્સંગથી અમે જાણે સંસારને તો ભૂલી ગયા હતા ને આત્માની મધુરી ચૈતન્યછાયામાં આવીને વસ્યા હતા. એ ચૈતન્યછાયાના મધુરા દિવસો જીવનમાં કદી નહિ ભૂલાય, ને સદાય શીતળાનું સીંચન કરીને સંસારના તીવ્ર આતાપમાંથી રક્ષા કરશે.

હે ગુરુદેવ! અમારા પરિવાર ઉપર, તેમજ જયપુર અને રાજસ્થાનના મુમુક્ષુસમાજ ઉપર આપે મહાન ઉપકાર કર્યો છે. આત્માનું મહિમાવંત સ્વરૂપ બતાવીને આપે અમને મોક્ષમાર્ગમાં પ્રેર્યા છે – ને વિદ્વાનોની આ ભૂમિ (જયપુર) ને ફરીને જયવંત બનાવી છે. આપના પ્રતાપે જયપુરમાં જૈનધર્મનો જયજયકાર થયો છે, ને મુમુક્ષુઓના અંતરમાં આનંદનાં પૂર આવ્યા છે.

હે ગુરુદેવ! ફરીફરીને આપના સત્સંગ વડે અમારા આત્મામાં આનંદના પૂર વહે ને તેનો પ્રવાહ કેવળજ્ઞાન–સમુદ્રમાં જઈને ભળે – એવી પ્રાર્થના કરીએ છીએ

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો

આત્મધર્મ

આત્માર્થીતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૭ અષાઢ JULY, 1971

વર્ષ : ૨૮ અંક : ૯

# જયપુરમાં મેં જોયો-સાધર્મીઓનો સુંદર મેળો

## 卐 વીતરાગવિદ્યાના પ્રચારનો મહાન ઉત્સવ 卐

### દેશોદેશના સાધર્મીઓના મિલનનું ઉમંગભર્યું વાતાવરણ

### 卐 મહાન ધર્મપ્રભાવક શ્રી જિનેન્દ્રદેવની રથયાત્રા 卐

જૈનનગરી જયપુર એટલે ભારતદેશની રમણીયનગરી, રાજસ્થાનની રાજધાની, જૈનવિદ્વાનોની ખાણ, પચીસ હજાર જેટલા જૈનો અને એનાથી લગભગ દશગણા જિનભગવંતોથી જે શોભે છે, એવી એ જયપુરનગરીમાં પૂજ્ય શ્રી કાનજીસ્વામી વીસદિવસ પધાર્યા અને ધર્મપ્રભાવનાનો તથા વીતરાગી વિદ્યાના પ્રચારનો જે મહાન ઉત્સવ થયો, તેનો પ્રારંભિક સચિત્ર અહેવાલ ગતાંકમાં આપેલ, તે વાંચીને જિજ્ઞાસુઓ પ્રસન્ન થયા હતા. અને ત્યારપછીના અહેવાલ માટે ઇંતેજાર હતા. તે અહીં આપવામાં આવે છે. (–બ્ર. હ. જૈન)

ooo

અમદાવાદથી વિમાનમાં ગુરુદેવ જયપુર પધાર્યાં; વૈશાખ વદ છઠ્ઠે જયપુરમાં સ્વાગત થયું. ટોડરમલ – સ્મારકભવનમાં પ્રવચનસાર તથા સમયસાર ઉપર પ્રવચનો શરૂ થયા. શેઠ શ્રી શાંતિપ્રસાદજી શાહુની અધ્યક્ષતામાં સંમેલન થયું, જેમાં ગુરુદેવે

આશીર્વાદપૂર્વક અઢીહજારમા વીરનિર્વાણમહોત્સવ માટે પ્રોત્સાહન આપ્યું. જૈનધર્મની વીતરાગવિદ્યાના પ્રચાર માટે શિક્ષણવર્ગો ચાલ્યા, ને ગામેગામના જિજ્ઞાસુઓએ ઉત્સાહથી તેમાં ભાગ લીધો. આ પ્રસંગે લાભ લેવા ભારતની ચારે દિશામાંથી જુદા જુદા ૧૫૨ ગામના બે હજાર જેટલા મુમુક્ષુ ભાઈ – બહેનો જયપુર આવ્યા હતા.

અહા, કહાનગુરુની મંગલ છાયામાં ધાર્મિક–મુમુક્ષુઓનું કેવું સુંદર સંમેલન! અધ્યાત્મપ્રેમી સજ્જનોના એ સંમેલનમાં અનુભવી – જ્ઞાનીઓ, ત્યાગી – વ્રતીઓ, વિદ્વાન સાહિત્યકારો–પંડિતો, શ્રીમંતો – આગેવાનો, તેમજ અધ્યાત્મરસિક હજારો મુમુક્ષુઓ ઉલ્લાસથી ભાગ લઈને બધા કાર્યક્રમોને શોભાવતા હતા... જૈનધર્મનો આવો સુંદર પ્રભાવ અને અધ્યાત્મમય વાતાવરણ દેખીને હૃદય પ્રસન્નતા અનુભવતું હતું..... સાધર્મીઓને દેખી–દેખીને હૃદયમાં આનંદ અને વાત્સલ્ય ઊભરાતા હતા.

વાહ! ટોડરમલ – સ્મારકભવનમાં ૨૦ દિવસ સાધર્મીઓનો સુંદર મેળો ભરાયો હતો. કેવું મજાનું ધર્મનું વાતાવરણ હતું! સાધર્મીઓ પરસ્પર અધ્યાત્મરસની ચર્ચા કરતા; સૌ પોતપોતાની રીતે સાધનામાં મસ્ત હતા. કોઈ સામાયિકમાં, તો કોઈ સ્વાધ્યાયમાં, કોઈ શ્રવણમાં તો કોઈ ચર્ચામાં, કોઈ લેખનમાં તો કોઈ પ્રભુસન્મુખ ભક્તિપૂજનમાં પ્રવૃત્ત રહેતા. કોઈ નજીકના જિનેન્દ્રધામોનાં દર્શન કરવા જતા, તો કોઈ દર્શન કર્યાં પછી તેના આનંદકારી વર્ણન દ્વારા બીજાને પણ દર્શન કરવાની પ્રેરણા જગાડતા હતા. ચારેકોર બસ, ધાર્મિક વાતાવરણ જ દેખાતું હતું... સૌ જૈનધર્મની સાધનામાં જ રત હતા... ચર્ચા પણ એની જ! બધાયના મનમાં એક જ ધ્યેય હતું કે આત્માની મુમુક્ષુતા પોષાય; આત્માના સ્વભાવને અનેક પડખેથી જાણીજાણીને અધ્યાત્મભાવો ખીલે ને આનંદમય સ્વાનુભવ થાય. કોઈ દક્ષિણ પ્રદેશના, તો કોઈ ઉત્તરના, કોઈ પૂર્વના તો કોઈ પશ્ચિમના, ને કોઈ મધ્યપ્રદેશના, એમ ચારેકોરથી મુમુક્ષુ – સાધર્મીજનો એકઠા થયા હતા. ભિન્નભિન્ન દેશ, ભિન્ન ભિન્ન વેશ, ભિન્નભિન્ન ભાષા, છતાં સૌનું ધ્યેય એક જ હતું.

અહા, આવા ઉત્તમ ધ્યેયવાળા હજારો સાધર્મીઓના મિલનનું વાતાવરણ મુમુક્ષુને ખૂબ જ ગમી જાય તેવું હતું. સવારમાં સાડાસાત વાગે પ્રવચન શરૂ થાય, પણ ત્યાર પહેલાં અડધી કલાક અધ્યાત્મિક ભજનો ચાલે; તથા જિનમંદિરમાં પૂજનની ભારે ભીડ જામી હોય. પ્રવચન પછી શિક્ષણવર્ગોની જોશદાર પ્રવૃત્તિ ચાલે, બીજા મુમુક્ષુઓ સ્વાધ્યાય – મનન કરે. ભોજનની વ્યવસ્થા પણ સાદી અને સુંદર હતી. બપોરે પણ

સ્વાધ્યાયની પ્રવૃત્તિ ચાલુ જ હોય. બપોરે પાછા અઢી વાગ્યાથી ભજન, અને ત્રણ વાગતાં પ્રવચન શરૂ થાય. પ્રવચનની અખંડ ધોધમાર ધારામાં, જયપુરના જોરદાર વાવાઝોડાં પણ કદી નડયા ન હતા. પ્રવચન પછી શિક્ષણવર્ગો ચાલતા. રાત્રે અધ્યાત્મચર્ચા વગેરે વિવિધ કાર્યક્રમો રહેતા. યાત્રિકોની અવરજવર માટે તેમ જ શહેરના શ્રોતાજનોને પ્રવચનનો લાભ લેવા માટે અનેક બસો તથા મોટરોની દોડધામ હરરોજ સવારથી રાત સુધી સતત ચાલુ રહેતી. ચારેકોરની અધ્યાત્મપ્રવૃત્તિથી જયપુરનો આ વિસ્તાર એક જ્ઞાનનગરી જેવો જ બની ગયો હતો. જ્ઞાનનો મહાયજ્ઞ મંડાયો હતો. ગુરુદેવ પણ મુમુક્ષુઓને વિવિધ પુસ્તકોની ભેટ આપીને જ્ઞાનની લાણી કરતા હતા.

ગુરુદેવના સાન્નિધ્યમાં વૈશાખ વદ દશમે શેઠ શાંતિપ્રસાદજી શાહુના અધ્યક્ષપદે, મહાવીર નિર્વાણના અઢીહજાર વર્ષના ઉત્સવ સંબંધી સંમેલન હતું; જિનશાસન પ્રભાવના માટે સૌએ ઉત્સાહ બતાવીને પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા; ને ગુરુદેવે આ મહાનકાર્યમાં અનુમોદના આપી હતી. મહાવીર ભગવાનના મોક્ષના આ મહાન ઉત્સવ માટે મોટા પાયા પર રૂપરેખા બની રહી છે, ત્યારે આ પ્રસંગે આપણા સમાજનાં નાનકડા બાળકોને આપણે ન ભૂલીએ, ને એ લાખો બાળકોમાં વીરશાસનના સંસ્કાર રેડાય એવું સુંદર આયોજન કરીએ, તથા દરેક બાળકને કે નાનામાં નાના જૈનગૃહસ્થને પણ એમ થાય કે અમારા મહાવીર પ્રભુના ઉત્સવમાં અમે પણ ભાગ લઈ રહ્યા છીએ – એવી યોજનાઓ કરીએ. જૈનસમાજમાં પરસ્પર પ્રેમ–વાત્સલ્ય ને સંપ વધે તે પણ ઘણું જરૂરી છે.

શ્રી મનોહરલાલજી વર્ણી બે દિવસ પૂ. કાનજીસ્વામીને મળવા માટે ગોદિકાભવનમાં આવ્યા હતા, પ્રેમપૂર્વક કેટલીક ચર્ચાવાર્તા કરી હતી, ને પ્રસન્નતાથી તેમણે કહ્યું હતું કે મને આપના પ્રત્યે નૈસર્ગિક વાત્સલ્ય આવે છે; વાત્સલ્યથી હું આપને મળવા આવ્યો છું. ઘણા વખતથી મળવાની ઉત્કંઠા હતી; લોકો આપને માટે અનેક ચર્ચા કરે છે પણ વિરોધની ચર્ચા હું સાંભળતો નથી. અધ્યાત્મજ્ઞાનની પ્રભાવના થાય તે ઉત્તમ છે. – આ રીતે તેમણે પ્રેમ અને પ્રસન્નતા વ્યક્ત કર્યા હતા.

જેઠ સુદ ત્રીજના રોજ ભોપાલના ભાઈ શ્રી હેમચંદજીએ ગુરુદેવ સમક્ષ આજીવન–બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા લીધી હતી. અનેક સુશિક્ષિત યુવાનો પણ વૈરાગ્યપૂર્વક અધ્યાત્મધર્મમાં કેવો રસ લઈ રહ્યા છે તે દેખીને સમાજ પ્રભાવિત થતો હતો. ગુરુદેવના

પ્રતાપે અનેક યુવાનો પોતાના જીવનને આત્મસાધનામાં જોડી રહ્યા છે.

જેઠ સુદ પાંચમે શ્રુતપંચમીનો દિવસ પણ આનંદથી ઉજવાયો હતો. વહેલી સવારમાં જિનવાણી – શ્રુતદેવતાની ભાવભીની રથયાત્રા નીકળી હતી. જ્ઞાનનો દિવસ અને જ્ઞાનપ્રભાવનો ઉત્સવ એ બંનેનો મેળ થઈ ગયો હતો. પ્રવચનમાં ગુરુદેવે શ્રુતપંચમીનો ઇતિહાસ કહીને, ધરસેનસ્વામી વગેરે દિગંબર જૈન મુનિવરોનો તથા વીતરાગી શ્રુતજ્ઞાનનો ઘણો મહિમા કર્યો હતો, અને કહ્યું હતું કે જિનવાણી મહાપૂજ્ય છે. એક તરફ સમયસારાદિ અધ્યાત્મ–શ્રુતજ્ઞાન અખંડ રહ્યા છે. –જે આત્માનું શુદ્ધસ્વરૂપ દેખાડે છે; બીજી તરફ ષટ્ખંડાગમ જેવા સિદ્ધાંત –શ્રુતજ્ઞાન પણ અખંડ રહી ગયા. આત્મ નિશ્ચય ને વ્યવહાર બંને પ્રકારનાં પરમાગમદ્વારા વીતરાગીશ્રુતની અખંડ ધારા ચાલી રહી છે. તેના બહુમાનપૂર્વક અભ્યાસ કરવા જેવો છે. તથા આવા જ્ઞાનનો પ્રચાર કરવા જેવો છે. અહા, મુનિઓ તો સર્વજ્ઞ જેવા છે. –એમ કહીને તેમનો ઘણો જ મહિમા કર્યો હતો.

પ્રવચન બાદ શ્રુતજ્ઞાન–જિનવાણીની પૂજા થઈ હતી, હજારો ભક્તોએ ભેટ ધરીને જિનવાણીમાતાનું બહુમાન કર્યું હતું. જયપુરમાં વીતરાગશ્રુતનો મહાન પ્રભાવ દેખીને હૃદય ઠરતું હતું કે વાહ! જિનવાણીમાતા! તારા જયજયકાર વર્તી રહ્યા છે...... હજારો બાળકો તારા શરણે નિજહિતને સાધી રહ્યા છે... ગુરુકહાન દ્વારા તારો પ્રભાવ ભારતભરમાં ફેલાઈ રહ્યો છે.

જયપુરમાં અધ્યાત્મરસિક સાધર્મીઓના મેળાનું એ વાતાવરણ જેમણે માણ્યું છે. તેઓ વારંવાર તેને યાદ કરીને મુમુક્ષુતાને પુષ્ટ કરે છે. ધાર્મિકમેળા કે ધાર્મિક સંમેલન કેવા હોય તેનો આ એક આદર્શ હતો. જ્યાં રોજ સ્વાધ્યાય માટે હજારો શાસ્ત્રો ઉઘડતા હતા ને અધ્યાત્મચર્ચાનો ધોધ વહેતો હતો.

આખાય સંમેલનમાં આયોજક એકલા શેઠશ્રી પૂરનચંદજી ગોદિકા હતા; વીસે – વીસ દિવસો મોટા–નાના દરેક કાર્યક્રમોમાં સતત હાજરીપૂર્વક તન–મન–ધનથી તેમણે ઉત્સવને સફળ બનાવ્યો. અને શિક્ષણવર્ગોના આયોજનમાં પહેલેથી છેલ્લે સુધી પંડિત શ્રી હુકમીચંદજીએ પરિશ્રમ લઈને આખા કાર્યક્રમને સફળ બનાવ્યો. જયપુર નગરીના નગરજનોએ જે ઉમદા સાથ આપ્યો તે પણ પ્રશંસાપાત્ર હતો, અને ઉત્સવની સફળતામાં સૌથી મુખ્ય કારણ હજારો મુમુક્ષુઓનો ધાર્મિક ઉત્સાહ હતો. એક સાથે હજારો

ભાઈ – બહેનો, બીજું બધું ભૂલીને સવારથી રાત સુધી અધ્યાત્મજ્ઞાનના અભ્યાસમાં લાગી ગયા હતા. તે દેખીને હૃદયમાંથી એવા ઉદ્‌ગાર નીકળતા કે વાહ! ધન્ય છે મારા આ બધા સાધર્મીઓને! –

'સંગ સાધર્મીનકો નિત દીજે.... '

શ્રુતપંચમીની રાત્રે પૂ. બેનશ્રીબેને શ્રુતભક્તિ કરાવી હતી.

જેઠ સુદ છઠ્ઠે જયપુરના એક ભાગ 'આદર્શનગર' માં (જ્યાં મુખ્યપણે મુલતાનથી આવેલા સાધર્મીઓ રહે છે અને અત્યંત મનોહર જિનમંદિર તૈયાર થઈ રહ્યું છે – ત્યાં) બપોરે ભક્તિ–પૂજન તથા પ્રવચન થયા હતા. અહીંના જિનમંદિરમાં મૂલતાન (પાકિસ્તાન) થી સાથે લાવેલા ૧૦૦ જેટલા જિનભગવંતો બિરાજમાન છે. ગુરુદેવ બપોરે દોઢ વાગે ત્યાં પધાર્યા, અને ઉમંગભર્યું વાતાવરણ જોયું. અહા, ખરે બપોરે સામુહિક જિનેન્દ્રપૂજનનું હર્ષમય વાતાવરણ અદ્‌ભુત હતું; ત્યાં નહોતું માઈક કે ન હતી ચોપડીઓ, છતાં હજાર – હજાર ગળાં એકસાથે એક તાને ગાજતા હતા, ને આનંદોલ્લાસકારી પૂજન ચાલતું હતું. પચીસ વર્ષ પહેલાં પાકિસ્તાન ના અતિ ત્રાસથી ત્રાસીને ભારત આવેલા એ ભક્તો, ભગવંતોને પણ સાથે જ લાવ્યા હતા. કહે છે કે કાંઈ પણ સામાન સાથે લાવવાનું જ્યારે મુશ્કેલ હતું ત્યારે પણ સેંકડો જિનપ્રતિમાઓ ચમત્કારિક રીતે વિમાનમાં સાથે આવી ગયા. તે પ્રસંગના સ્મરણથી જાણે ભક્તોનાં હૃદયો ભક્તિથી ઉછળતા હતા. અદ્‌ભુત હતું એ પૂજન– ભક્તિનું દૃશ્ય! નાના ને મોટા, ભાઈઓ ને બહેનો – એમ હજાર જેટલા જિનભક્તો અત્યંત ભાવથી એ પૂજનમહોત્સવમાં ભાગ લેતા હતા. કહાનગુરુ પણ પૂજનમાં બેઠા હતા.

પૂજન બાદ ત્યાં જ ગુરુદેવનું પ્રવચન થયું હતું. નગરના હજારો શ્રોતાઓએ ઉત્સાહપૂર્વક પ્રવચનમાં ભાગ લીધો હતો; પ્રવચનમાં સમયસારની ૧૧મી ગાથા દ્વારા સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજાવ્યું હતું. જયપુરમાં રાત્રે તત્ત્વચર્ચા પણ સુંદર ચાલતી હતી.... વિદ્વાનોની અધ્યાત્મગોષ્ઠીનો મધુર ગૂંજારવ મુમુક્ષુઓને બહુ પ્રિય લાગતો હતો.

જેઠ સુદ સાતમની સાંજે ગુરુદેવ સાથે સો જેટલા યાત્રિકો (જયપુરથી વીસેક માઈલ દૂર) પદ્મપુરી પદ્મપ્રભુના દર્શને ગયા હતા. સં. ૨૦૦૧ માં એક ખેતરમાંથી પદ્મપ્રભુની પ્રતિમા પ્રગટ થઈ અને ત્યારથી આ ભૂમિમાં પુણ્યભાવ શરૂ થયો; એક વિશાળ ઉન્નત જિનમંદિર તૈયાર થયું–જેનું કામ હજી ચાલી રહ્યું છે. મંદિરનું વાતા–

વરણ રમ્ય છે ને વિશાળ શિખરસહિત શોભી રહ્યું છે. અંદરથી ઘૂમ્મટનું દૃશ્ય ભવ્ય છે. સુંદર ગંધકૂટી પર બિરાજમાન પદ્મપ્રભુની ગુલાબી પ્રતિમા અતિ ઉપશાંત – મનોજ્ઞ ને શાંતભાવપ્રેરક છે. તે ઉપરાંત બીજા અનેક જિનબિંબો, બાહુબલી ભગવાન વગેરે પણ બિરાજે છે. ગુરુદેવ સાથે આનંદોલ્લાસપૂર્વક દર્શન કરી અર્ઘપૂજા કરી, ને પુ. બેનશ્રી – બેને પદ્મપ્રભુના મનોહરદરબારમાં વીતરાગી પદ્મપ્રભુની અદ્ભુત ભક્તિ કરાવી. ખરેખર, વીતરાગ ભગવાનની ખરી ભક્તિ વીતરાગતાના ધ્યેય વડે જ થાય છે, સંસારના ધ્યેય વડે ભગવાનની ભક્તિ થઈ શકતી નથી. દરેક જૈનનું કર્તવ્ય છે કે શુદ્ધાત્માના પ્રતિબિંબરૂપ આપણા વીતરાગ અરિહંતદેવના દર્શનપૂજનમાં માત્ર વીતરાગભાવનાના પોષણનો જ હેતુ રાખે. સંસારના લાભનો હેતુ (– પુત્રપ્રાપ્તિ, ધનપ્રાપ્તિ, નીરોગતા – પ્રાપ્તિ વગેરે પાપનો હેતુ ) જરાપણ ન રાખે.... અને ભગવાન અરિહંતદેવ સિવાય બીજા કોઈ સરાગ દેવ–દેવીને તો સ્વપ્નેય પૂજ્ય ન માને.

–આવા ભાવની સ્પષ્ટતાપૂર્વક પદ્મપ્રભુના દર્શન – પૂજન – ભક્તિ કર્યાં બાદ મંદિરના ચોકમાં બેસીને ગુરુદેવે કહ્યું કે આ જિનપ્રતિમા તો શુભરાગનું નિમિત્ત છે; ખરેખર તો અંદર આત્મા પોતે શાશ્વત ચૈતન્યપ્રતિમા છે, તેના દર્શન વિના અને તેના આશ્રય વિના બીજી કોઈ રીતે કલ્યાણ થતું નથી. આ બહારની જિનપ્રતિમા તો અંદરની ચૈતન્યપ્રતિમાના સ્મરણનું નિમિત્ત છે, તેને બદલે પ્રતિમાના દર્શનથી ધન –પુત્રાદિની ઇચ્છા કરવી કે રોગાદિ મટવાની ઇચ્છા કરવી તે તો પાપ છે; ને એવી ઇચ્છા વગર ભગવાનના દર્શન–પૂજન કરે તો તે શુભભાવ છે; પણ આત્માનું કલ્યાણ અને ધર્મ તો અંદર આત્મા પોતે નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યપ્રતિમા શાશ્વત – ટંકોત્કીર્ણ છે તેને લક્ષમાં લઈને તેના જ આશ્રયે થાય છે; એના આશ્રય વગર બીજી કોઈ રીતે જીવનું કલ્યાણ નથી. કોતર્યા વગરની શાશ્વત જ્ઞાયકમૂર્તિ–જિનપ્રતિમા આત્મા પોતે છે તે જ પોતાનો દેવ છે અને તે જ ચૈતન્ય ચિંતામણિ છે, તેનાં દર્શન કરતાં ને તેનું ચિંતન કરતાં મિથ્યાત્વાદિ પાપોનો નાશ થાય છે ને ઇષ્ટપદની સિદ્ધિ થાય છે. બાકી પોતાને ભૂલીને પરને ભજે તેથી કલ્યાણ થાય તેમ નથી.

ગુરુદેવ સાથે પદ્મપ્રભુના દર્શનથી અને આવી અધ્યાત્મચર્ચાના શ્રવણથી સૌને હર્ષ થયો, ને જયજયકારપૂર્વક સૌ જયપુર આવ્યા. ગુરુદેવના પધારવાથી અને ભક્તિ વગેરે દેખીને પદ્મપુરીના વ્યવસ્થાપકો પણ ખુશી થયા.

જયપુરથી પદ્મપુરી જતાં વચ્ચે સાંગાનેર આવે છે, તે ત્રણસો – ચારસો વર્ષ પહેલાં

રાજસ્થાનની રાજધાની હતું ને ત્યારબાદ જયપુર શહેર રચાયું છે. તે સાંગાનેરમાં છ સાત પ્રાચીન વિશાળ જિનમંદિરો છે ને તેમાં સેંકડો મૂર્તિઓ બિરાજમાન છે; તે પણ દર્શનીય છે. આ ઉપરાંત જુની રાજધાની આમેરમાં પણ પ્રાચીન જિનમંદિરો દર્શનીય છે.

જેઠ સુદ આઠમની રાત્રે ટોડરમલ – સ્મારક ભવનમાં વિદ્વાનોનું તેમજ ગામે–ગામના મુમુક્ષુ–સાધર્મીઓનું એક સંમેલન પૂ. ગુરુદેવની મંગલ છાયામાં થયું હતું; ભાઈ શ્રી ખીમચંદભાઈ જે. શેઠની અધ્યક્ષતામાં ૧૫૨ ગામના મુમુક્ષુઓએ અધ્યાત્મ –તત્ત્વજ્ઞાનના ખૂબજ પ્રચાર માટે ક્રાંતિકારી આંદોલનના સુંદર વિચારો રજુ કર્યા હતા. બધા જ વકતાઓએ 'આત્મધર્મ' માસિક દ્વારા પૂ. ગુરુદેવનો અધ્યાત્મસન્દેશ મળે છે તેની પ્રશંસા કરી હતી, અને 'આત્મધર્મ' પ્રત્યે પણ ખૂબ જ લાગણી બતાવીને તેના વધારે વિકાસની ભાવના વ્યક્ત કરી હતી. આત્મધર્મ પ્રત્યે ભારતના જિજ્ઞાસુઓને કેટલો આદર તથા કેટલી ઊંડી લાગણી છે, અને તેના દ્વારા ભારતમાં કેટલો મહાન પ્રચાર થઈ રહ્યો છે તે દેખીને આશ્ચર્ય થતું હતું. સોનગઢમાં બેઠા બેઠા આપણને ખ્યાલ પણ ન હતો કે ગુરુદેવનો કેટલો બધો અધ્યાત્મપ્રભાવ ભારતમાં ફેલાઈ રહ્યો છે, – તે અહીં જયપુરમાં નજરે જોવા મળ્યું છે.

આ પ્રસંગે રાજસ્થાન જાગી ઊઠયું; મધ્યપ્રદેશ તો જાગેલો જ હતો, ત્યાં તો સાગરવાળા શેઠ શ્રી ભગવાનદાસજીની અધ્યક્ષતામાં મધ્યપ્રદેશી મુમુક્ષુમંડળ દ્વારા સુવ્યવસ્થિત સુંદર પ્રચારકાર્ય ચાલી રહ્યું છે; આ પ્રસંગે ઉત્તર પ્રદેશ પણ જાગૃત બન્યો ને ઉત્તર પ્રદેશીય મુમુક્ષુમંડળની સ્થાપના કરીને સંગઠિત પ્રચાર માટે યોજના વિચારવામાં આવી; દક્ષિણ પ્રદેશમાંથી પણ ઉત્સાહી યુવાન તત્ત્વપ્રેમી કાર્યકરો જાગ્યા છે, છ ભાઈઓ જયપુર આવેલા, ને કન્નડ ભાષામાં પ્રચાર માટે તમન્ના બતાવી હતી. જૈનબાળપોથી વગેરે સાહિત્ય કન્નડ ભાષામાં પ્રકાશિત કરીને શેઠ શ્રી જાગુરાજજી તરફથી પ્રચાર કરવામાં આવ્યો છે. ( જિજ્ઞાસુઓને જાણીને આનંદ થશે કે કન્નડ – આવૃત્તિના પ્રકાશનની સાથેસાથે જૈનબાળપોથીની કુલ પ્રત 'એકલાખ' નો આંકડો વટાવી ગઈ છે; જૈન સાહિત્યમાં અત્યારે કદાચ આ પહેલું જ પુસ્તક છે કે જેની એકલાખ ઉપરાંત પ્રતો પ્રકાશિત થઈ હોય. ) આમ ભારતની ચારે દિશામાં ગુરુદેવના પ્રતાપે વીતરાગી તત્ત્વ જ્ઞાનનું જોરદાર આંદોલન પ્રસરી રહ્યું છે... જ્ઞાન પ્રચારની મોટી ભરતી આવી છે. સાથે સાથે આપણા સુયોગ્ય પ્રમુખશ્રી નવનીતલાલભાઈ ઝવેરી પણ જ્ઞાનપ્રચારની ખૂબ ભાવના ધરાવે છે, અને માત્ર સોનગઢ – સંસ્થામાં જ નહિ પરંતુ ભારતના બધા ભાગોમાં

જ્યાં જ્યાં મુમુક્ષુમંડળ હોય ત્યાં સર્વત્ર ધ્યાન આપીને પ્રેરણા અને પ્રોત્સાહન આપી રહ્યા છે.

આપણે જેઠ સુદ આઠમ સુધી આવ્યા.... અઢાર દિવસ વીત્યા, હવે બે જ દિવસ બાકી રહ્યા... શિક્ષણવર્ગોની પરીક્ષાઓ ચાલુ થઈ ગઈ... બહારથી આવેલા મુમુક્ષુઓ હવે જવાની તૈયારી કરતાં કરતાં જયપુરની યાદી માટે ચીજવસ્તુની ખરીદી કરવા લાગ્યા. જૈનપુરી જયપુરમાં જેમ અનેક જિનબિંબો બિરાજે છે તેમ, ભારતમાં નવા પ્રતિષ્ઠિત થતા જિનબિંબોનો મોટો ભાગ પણ જયપુરમાં જ બને છે; એ વીતરાગી જિન મૂર્તિઓનો મોટો સંગ્રહ પણ જોવા લાયક છે.... એક સાથે સેંકડો – હજારો જિનબિંબો જોતાં પ્રસન્નતા થાય છે. જયપુરના ઘણા મંદિરો ઝવેરી બજારની આસપાસ આવેલાં છે. બડા મંદિર, દીવાનજીકા મંદિર, ઢોલિયાનમંદિર, ચોવીસીમંદિર, ખાનીયામંદિર વગેરે અનેક મંદિરો દર્શનીય છે. ગુરુદેવ સાથે એ મંદિરોનાં દર્શન કરતાં આનંદ થતો હતો.

૧૫૨ ગામના સાધર્મી મુમુક્ષુઓએ ઉત્સાહથી મંદિરો જોયા, ઉત્સાહથી પ્રવચનો સાંભળ્યા, ઉત્સાહથી એકબીજાને મળ્યા, ઉત્સાહથી શિક્ષણવર્ગમાં ભણ્યા, ને ઉત્સાહથી પરીક્ષાઓ પણ આપી; હવે શિક્ષણવર્ગમાં પાસ થવાનું પ્રમાણપત્ર તથા ઇનામ લેવાના પ્રસંગે તો ઉત્સાહ હોય જ.... અને તે પણ ગુરુદેવના સુહસ્તે લેવાનો પ્રસંગ એટલે વિશેષ ઉલ્લાસ હતો.

જેઠ સુદ નોમની રાત્રે શિક્ષણવર્ગના પ્રમાણપત્રોની વહેંચણી થઈ; કોઈ B.A. કોઈ M.A. કોઈ એન્જીનીયર, કોઈ ન્યાયાધીશ – એમ અનેકવિધ લૌકિક વિદ્યાની ઊંચી પદવી ધરાવનારા યુવાન ભાઈ – બહેનો જ્યારે પ્રમાણપત્ર લેવા ઊભા થતા ત્યારે તેમના મુખ પર એવો અહોભાવ દેખાતો હતો કે અમારા લૌકિકભણતર કરતાં આ અલૌકિક વીતરાગી તત્ત્વજ્ઞાન જ જીવનમાં ખરું ઉપયોગી છે. ભાઈઓને પ્રમાણપત્રો તથા ઇનામના પુસ્તકો પૂ. ગુરુદેવના સુહસ્તે અપાતા હતા; ને બહેનોને પ્રમાણપત્રો તથા પુસ્તકો પૂ. બેનશ્રી –બેનના સુહસ્તે અપાતા હતા.

ગામેગામના યુવા સુશિક્ષિત ઉત્સાહી જિજ્ઞાસુઓએ જે રીતે ઉત્તમ સંસ્કારથી ધાર્મિક શિક્ષણમાં ભાગ લીધો એટલું જ નહિ, પોતપોતાના ગામમાં આવા વીતરાગ વિજ્ઞાનનો પ્રચાર કરવા માટે જે તમન્ના ધરાવી રહ્યા છે, તે જૈનશાસનને માટે મહાન ઉન્નતિની નિશાની છે; ને તે દેખીને આનંદ થાય છે, સર્વત્ર તાત્ત્વિક વિચારની એકતાનું સુંદર વાતાવરણ હતું, સૌ પોત પોતાની જ્ઞાનસાધનામાં જ મશગુલ હતા,

ન હતો કયાંય વિખવાદ, કે ન હતો કોઈ વાદવિવાદ, ન હતી કોઈ શંકા – કુશંકા, –સૌને હતું એક જ ધ્યેય કે કેમ આત્માનું હિત થાય! જ્યાં જુઓ ત્યાં પરસ્પર પ્રેમ અને અનુમોદના હતા. ભિન્નભિન્ન દેશના સાધર્મીઓને દેખી દેખીને સૌ પ્રસન્ન થતા હતા ને ધર્મ પ્રેમ માટે એકબીજાને ધન્યવાદ આપતા હતા. આ વાતાવરણ જોતાં પૂજાની નીચેની કડી યાદ આવતી હતી –

**તિસ થાન ધર્મ દૂજો ન કોય, જિનરાજ તણો ઈક ધર્મ હોય.**

વળી અહીંનું વાતાવરણ જોઈને સૌરાષ્ટ્રના ઘણા જિજ્ઞાસુઓને એમ પણ થતું કે અરે, સૌરાષ્ટ્રની આ મહાન અધ્યાત્મવિભૂતિ વડે જ્યારે આખું ભારત જાગૃત બની રહ્યું છે – ત્યારે સૌરાષ્ટ્ર તો જાણે ઊંઘી રહ્યું છે! બે ત્રણ સ્થાનો સિવાય પાઠશાળા પણ ક્યાંય નિયમિત ચાલતી નથી, સ્વાધ્યાય – વાંચનમાં પણ ઢીલાશ દેખાય છે; સૌરાષ્ટ્રના બંધુઓ – બહેનો! મુમુક્ષુ સાધર્મીઓ! સૌ જાગો... આપણા અમૂલ્ય અધ્યાત્મ નિધાનનો લાભ લેવાના આ અવસરમાં ઊંઘો નહીં. બીજાઓ કરતાં સૌરાષ્ટ્રની વધારે જવાબદારી છે. જયપુર–સંમેલનમાં જોયેલ મહાન સાધર્મીપ્રેમ, જ્ઞાનની ઉત્કંઠા, જૈનધર્મના પરમ મહિમાપૂર્વક તેના પ્રચારની ભાવના – એ બધાયનું અનુકરણ કરીને સૌરાષ્ટ્રમાં જૈનશાસનનો એવો મહાન જયજયકાર ગજાવો – કે ભારતની ધાર્મિક રાજધાની તરીકે એ વધુ ઝળકી ઊઠે.

જયપુરમાં જેઠ સુદ દશમ આવી... વીસ દિવસનો જ્ઞાનયજ્ઞ આનંદ સાથે સમાપ્ત થયો. ૨૦ દિવસના આ જ્ઞાનમહોત્સવની ખુશાલીમાં જૈનધર્મપ્રભાવક મહાન રથયાત્રા નીકળી હતી.

આગલી રાત્રે તો બે થી પાંચ વાગ્યા સુધી સખ્ત વાવાઝોડા સાથે ધોધમાર વરસાદ વરસ્યો. છ વાગે તો ધામધૂમપૂર્વક રથયાત્રાની તૈયાર કરવાની હતી. વરસાદ દેખીને જરાક ચિંતા પણ થતી હતી કે રથયાત્રાનું શું થશે? – પણ આ તો જૈન શાસનનો પ્રભાવ! કુદરત જૈનશાસનને અનુકૂળ હતી... રાત્રે ધોધમાર વરસાદે જયપુરના ગંદા રસ્તાઓ ધોઈને સાફ કરી નાંખ્યા, અને સવારમાં જયપુરની સખ્ત ગરમીને બદલે શીતલમધુર વાતાવરણ સર્જી દીધું. આમ ઋતુ પોતે આશ્ચર્યકારી રીતે જિનેન્દ્ર ભગવાનની સેવામાં અનુકૂળ થઈ ગઈ. ન વરસાદ.. ન ગરમી.. એવા શાંત સ્વચ્છ મધુર વાતાવરણ વચ્ચે મહાન રથયાત્રામાં યાત્રિઓએ આનંદથી ભાગ લીધો. જાણે કે

ધર્મવૃષ્ટિ પ્રત્યે પોતાનો હર્ષ બતાવવા માટે જ આકાશે જલવૃષ્ટિ કરી હોય, – એમ મધુર વાતાવરણ સર્જીને તે વરસાદ બરાબર સમયસર અટકી ગયો. અને આનંદમય મધુર વાતાવરણ વચ્ચે સવારમાં સાડા છ વાગતાં તો આખી નગરીમાં હર્ષોલ્લાસ ફેલાવતી ને જૈનધર્મના જયજયકાર ગજાવતી રથયાત્રા શરૂ થઈ. શી ભવ્ય એ રથયાત્રા! અજમેરનો ઐરાવત હાથી ને સફેદ ઘોડાવાળો સુંદર સોનેરી રથ આ રથયાત્રાની શોભા વધારવા આવી પહોંચ્યા હતા. સોએક વર્ષ પહેલાં બનેલો અજમેરનો આ રથ રાજસ્થાનમાં પ્રસિદ્ધ છે, તેની શોભા સુંદર છે. તે રથમાં બેઠા ભગવાન.... ને તેને હાંકવા બેઠા ગુરુકહાન! જિનરથના એ સારથી ખુશખુશાલ હતા... ને જૈનધર્મનો આવો મહાન પ્રભાવ દેખીને હજારો હૈયા આનંદિત થતા હતા. અનેક બેન્ડવાજાં ને એકવીસ હાથી વડે શોભતા એ ભવ્ય જુલુસમાં સૌથી મોખરે હાથીપર ગોદિકાજીના સુપુત્રો સુધીરભાઈ અને સુશીલભાઈ ધર્મધ્વજ ફરકાવતા હતા. અજમેરી ગેઈટ પાસે મહાવીરપાર્કથી શરૂ થઈને ત્રિપોલિયા બજાર, ઝવેરીબજાર અને બાપુબજાર તથા સાંગાનેરી દરવાજા – રામલીલા મેદાન પાસે થઇને મ્યુઝીયમના વિશાળ પટાંગણમાં રથયાત્રા પૂરી થઈ, ત્યારે એકસાથે એકવીસ હાથીઓ સૂંઢ વડે સલામી આપતા હતા. પચાસહજાર જેટલા દર્શકોની ભીડથી મેદાન તો ઉભરાતું હતું, ને અદ્‌ભુત જયજયકારથી વાતાવરણ ગાજતું હતું. ભક્તોની અપાર ભીડ આનંદથી રથયાત્રામાં ભાગ લેતી હતી, તો દર્શકોની મોટી ભીડથી મોટામોટા મકાનોની અગાશીઓ ને અટારીઓ ચિક્કાર હતી. પહોળા રસ્તાઓ માટે જેની પ્રસિદ્ધિ છે એવા જયપુરના રસ્તાઓ પણ આજની રથયાત્રા માટે તો સાંકડા પડતા હતા. તેમાંય ઝવેરીબજારમાંથી જ્યારે ભગવાનનો રથ પસાર થયો ત્યારે તો અદ્‌ભુત દ્રશ્ય હતું. જાણે આખી જયપુરનગરી જૈનધર્મનો પ્રભાત જોવા ઉમટી પડી હતી. જૈનશાસનના મહાન ઝગમગાટ પાસે ઝવેરીબજારનું ઝવેરાત પણ ઝાંખુ લાગતું હતું. તેથી બિચારું ક્યાંક સંતાઈને બેઠું હતું! અને કદાચ ખુલ્લું બેઠું હોત તોપણ ભગવાનના રથની શોભા જોવામાં ને ભજન–ભક્તિમાં મશગુલ ભક્તોને એ ઝવેરાત સામે જોવાની ફૂરસદે ક્યાં હતી? જૈનશાસનનો અને ગુરુદેવનો આવો અદ્‌ભુત પ્રભાવ દેખીને પૂ. બેનશ્રી – બેન પણ ઘણો જ હર્ષોલ્લાસ વ્યક્ત કરતા હતા.....

રથયાત્રા પૂરી થઈ... બપોરે પ્રવચન તથા આભારવિધિ સહિત વીસ દિવસનો આ ભવ્ય જ્ઞાનમહોત્સવ પણ પૂરો થયો... તે વીતરાગવિજ્ઞાન જગતનું કલ્યાણ કરો.

ઉપસંહારમાં એટલું કહેવાનું કે – વીતરાગી તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે થયેલા આ મહાન સંમેલનમાં બહારની પણ જે મોટી ધામધૂમ થઈ, – તેનો ખરો મહિમા નથી, પણ જે તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે આ બધું આયોજન કરવામાં આવે છે તે તત્ત્વજ્ઞાનનો ખરો મહિમા છે.... અને એ તત્ત્વજ્ઞાનનો લાભ ગુરુદેવ પાસે સોનગઢમાં નિરંતર પ્રાપ્ત થાય છે; માટે જે જિજ્ઞાસુઓ જયપુરની ધામધૂમ જોવામાં રહી ગયા હોય તેઓ પણ તત્ત્વજ્ઞાનનો લાભ લઇને પોતાનું પ્રયોજન સફળ કરી શકે છે; અને જેઓએ જયપુરની ધામધૂમ નજરે જોઈ હોય તેઓએ પણ તત્ત્વજ્ઞાનનો મહિમા લાવીને તેની ભાવના કરવા જેવું છે. વીતરાગી તત્ત્વજ્ઞાન આત્મામાં પરિણમીને સ્વાનુભૂતિ થાય તે જ પરમ આનંદકારી અપૂર્વ મહોત્સવ છે.

**જય હો....... આત્મહિતકારી વીતરાગી તત્ત્વજ્ઞાનનો.**

**જય હો.... એ તત્ત્વજ્ઞાનનો બોધ દેનારા ગુરુકહાનનો.**

( ઈતિ શ્રી જયપુર–મહોત્સવ વર્ણન )

જેઠ સુદ ૧૧ની સવારમાં જયપુરમાં સીમંધર ભગવાનના દર્શન કરીને ભાવભીની વિદાયપૂર્વક ગુરુદેવ ત્રીસ યાત્રિકો સહિત વિમાનમાં જયપુરથી અમદાવાદ આવ્યા; અમદાવાદના ભવ્ય જિનાલયમાં બપોરે સમયસાર ગાથા ૧૫ ઉપર પ્રવચન તથા ભક્તિ કરીને સાંજે બગોદરા ગામે આવ્યા. ને બીજે દિવસે જેઠ સુદ ૧૨ ના રોજ ભાવનગર પધાર્યા. ત્યાં ચાર દિવસ રહ્યા ને સમયસાર ગાથા ૭૨ ના પ્રવચનમાં હજારો જિજ્ઞાસુઓએ લાભ લીધો. જુના દિગંબર મંદિરમાં ઉપર ખડ્ગાસન ચંદ્રપ્રભુના શ્યામ પ્રતિમાજીની ભાવભીની મુદ્રા દેખીને ગુરુદેવ પ્રસન્ન થયા.... જેઠ વદ બીજના રોજ ગુરુદેવ પુનઃ સોનગઢ પધાર્યા... સોનગઢમાં ગુરુદેવ સુખ – શાંતિમાં બિરાજે છે; ને સવારે નિયમસાર શુદ્ધભાવઅધિકાર ઉપર તથા બપોરે નાટક સમયસારનાં નિર્જરાઅધિકાર ઉપર શાંત રસઝરતા પ્રવચનો ચાલે છે... મધુર અધ્યાત્મ વાતાવરણમાં મુમુક્ષુઓ લાભ લઈ રહ્યા છે... આપ પણ લાભ લેવા વેલા સોનગઢ પધારજો. – જય જિનેન્દ્ર!

[ જયપુર–રથયાત્રાના ફોટા તારથી મંગાવેલ, પણ વખતસર આવી શક્યા નથી. ]

# જયપુર શહેર-પ્રવચનો

જયપુર શહેરમાં વૈશાખ વદ છઠ્ઠથી જેઠ સુદ દશમ વીસ દિવસ સુધી અધ્યાત્મ–જ્ઞાનપ્રચારનો મહાન ઉત્સવ થયો, તે દરમિયાન ટોડરમલ–સ્મારકભવનમાં પૂ. શ્રી કાનજી સ્વામીનાં પ્રવચનનો હજારો શ્રોતાજનોએ લાભ લીધો; સમયસાર ગાથા ૬ થી ૧૫ તથા પ્રવચનસાર ગાથા ૧ થી ૧૬ સુધીનાં તે પ્રવચનોમાંથી દોહન કરીને કેટલોક ભાગ ગતાંકમાં આપ્યો હતો; બીજો ભાગ અહીં આપીએ છીએ.

## હે પંચપરમેષ્ઠી ભગવંતો !

### વીતરાગતાના આ આનન્દ-ઉત્સવમાં પધારો... પધારો... પધારો...

શ્રી કુંદકુંદસ્વામી શુદ્ધોપયોગ વડે મોક્ષલક્ષ્મીને સાધતાં–સાધતાં તેના મંગલરૂપે કહે છે કે–અહો, આ મોક્ષલક્ષ્મીના સ્વયંવરમાં હું પંચપરમેષ્ઠી ભગવંતોને મારા આંગણે બોલાવું છું: હે પંચપરમેષ્ઠી ભગવંતો! હે વિદેહમાં બિરાજતા સીમંધરાદિ ભગવંતો! ગણધર ભગવંતો! આપ સૌ વીતરાગતાના આ આનંદઉત્સવમાં પધારો... પધારો...પધારો. મારી શુદ્ધ ચૈતન્યસત્તાનો નિર્ણય કરીને તેમાં હું આપને પધરાવું છું, ને સમસ્ત રાગાદિ પરભાવોને જુદા કરું છું. આવા મંગલપૂર્વક મોક્ષને સાધવાનો આ મંગલસ્થંભ રોપાય છે.

શુદ્ધપયોગરૂપ ધર્મ તે જ મોક્ષમાર્ગ છે, તેનું અલૌકિક વર્ણન આ પ્રવચનસારમાં છે. જૈનમુનિઓ આવા શુદ્ધોપયોગરૂપે પરિણમેલા છે. અહા, ધન્ય એમનો અવતાર! ધન્ય એમની દશા! મોક્ષ તેમને અત્યંત નજીક છે. ચૈતન્યના કેવળજ્ઞાનના કપાટ ખોલવા માટે તેઓ કટિબદ્ધ થયા છે. – આવી મુનિદશા હોય છે. આવા મુનિને તો અમે 'ભગવાન' ગણીએ છીએ. સમસ્ત પરિગ્રહ છોડીને, આત્મજ્ઞાન ઉપરાંત શુદ્ધોપયોગરૂપ મુનિધર્મને અંગીકાર કર્યો છે, કદાચિત શુભઉપયોગ થાય છે પણ તેનાથી ઉદાસીન છે, અશુભપરિણતિ તો તેમને થતી જ નથી; દેહની ક્રિયા સહજપણે

અનેકપ્રકારે થાય છે તેમાં ખેંચતાણ કરતા નથી. બહારમાં સંપૂર્ણ દિગંબર સૌમ્ય મુદ્રાના ધારક, અને અંતરમાં શુદ્ધોપયોગરૂપ પરમ સમતાના ધારક, આવા વીતરાગ સંત–મુનિઓનાં ચરણોમાં નમસ્કાર હો... નમસ્કાર હો णमो लोए सव्वसाहूणं।

અહો, પંચપરમેષ્ઠી – પરમપદને પામેલા ભગવંતો..... તેમને નમસ્કાર કર્યાં તેમાં શુદ્ધાત્માનો જ આદર છે. મુનિઓને નમસ્કાર કર્યાં, તે મુનિઓને શુદ્ધોપયોગ છે અને સાથે હજી વિકલ્પ પણ છે, પરંતુ તે વિકલ્પ કાંઈ વંદનીય નથી, વંદનીય તો શુદ્ધોપયોગ જ છે. – આવા વિવેકપૂર્વક નમસ્કાર કર્યાં છે.

નમસ્કાર કરતી વખતે, નમસ્કાર કરનાર પોતાને જે શુભવિકલ્પ છે તેને તે આદરણીય નથી માનતા; નમસ્કાર કરવાયોગ્ય જે શુદ્ધોપયોગ તેને જ આદરણીય માને છે. જો રાગને આદરણીય માને તો સાચા નમસ્કાર થતા નથી, કેમકે તે તો રાગ તરફ નમી ગયો !

પંચપરમેષ્ઠી – તેમાં અનેક તીર્થંકરો, લાખો અરિહંતો, અનંત સિદ્ધભગવંતો શુદ્ધ ચૈતન્યસત્તાવાળા તથા કરોડો મુનિવરો – શુદ્ધોપયોગરૂપે પરિણમેલા, તેમને ઓળખીને જે જ્ઞાને તેમની શુદ્ધસત્તાનો સ્વીકાર કર્યો તે જ્ઞાનની તાકાત કેટલી ? તે જ્ઞાન રાગમાં નથી ઊભું; તેણે તો રાગથી પાર થઈને પોતાના સર્વજ્ઞસ્વભાવને સ્વસંવેદન – પ્રત્યક્ષરૂપ કર્યો છે. આમ પોતાના શુદ્ધઆત્મતત્ત્વના નિર્ણયપૂર્વક પંચ પરમેષ્ઠીને સાચા નમસ્કાર થાય છે; ને તે મોક્ષના ઉત્સવનું અપૂર્વ મંગલાચરણ છે. સમ્યગ્દર્શન તે પણ અતીન્દ્રિય આનંદના ઉત્સવનો પ્રસંગ છે, ને મુનિદશા તે તો ઘણા જ અતીન્દ્રિય આનંદના ઉત્સવનો પ્રસંગ છે. તેનું આ મંગલમુહૂર્ત થાય છે.

( હવે સમયસાર ગાથા ૬ઃ વૈશાખ વદ આઠમ – ) જુઓ, અહીં આત્માનું શુદ્ધસ્વરૂપ દેખાડે છે. 'આત્મા શુદ્ધ છે' એમ ક્યારે કહેવાય ? – કે જ્યારે તેની સન્મુખ થઈને તેની ઉપાસના કરે ત્યારે આત્માને શુદ્ધ જાણ્યો કહેવાય.

કોઈ કહે – તમે આત્માને શુદ્ધ કહ્યો તે અમે સ્વીકારી લીધો !

તો આચાર્યદેવ કહે છે કે –ભાઈ ! કોની સામે જોઈને તેં સ્વીકાર કર્યો ? એકલા શબ્દો સાંભળીને 'હા' પાડે એ તો વિકલ્પ છે, તેને ખરો સ્વીકાર કહેતા નથી. શબ્દોના વાચ્યરૂપ સ્વવસ્તુ અંતરમાં કેવી છે તેના લક્ષપૂર્વક જ તેનો સાચો સ્વીકાર

થાય છે. વસ્તુ પોતાના જ્ઞાનમાં આવે ત્યારે જ તેનો સાચો સ્વીકાર થાય. જ્ઞાન વગર અજ્ઞાનમાં સ્વીકાર કોનો? આ રીતે સ્વસન્મુખ થઇને જ શુદ્ધઆત્માનો સ્વીકાર થાય છે. માટે કહ્યું કે સમસ્ત અન્ય દ્રવ્યોથી ભિન્નપણે ઉપાસવામાં આવતા જ્ઞાયકભાવને 'શુદ્ધ' કહેવાય છે. શુદ્ધઆત્માની ઉપાસનામાં અનંત ગુણોની નિર્મળપર્યાય સમાય છે.

પ્રશ્નઃ– વસ્ત્ર પહેર્યા હોય ને આવા આત્માનો નિર્વિકલ્પ અનુભવ થાય?

ઉત્તરઃ – હા; આવા આત્માનો નિર્વિકલ્પ અનુભવ સવસ્ત્રદશામાં પણ થઈ શકે છે; અને આવો અનુભવ કરે ત્યારે જ સમ્યગ્દર્શન થાય છે. પછી મુનિદશામાં તો ઘણો ઉગ્ર નિર્વિકલ્પ અનુભવ વારંવાર થાય છે. ગૃહસ્થને તો કોઈ કોઈ વાર જ નિર્વિકલ્પ અનુભવ થાય છે. પણ નિર્વિકલ્પ અનુભવ થાય ત્યારે જ ધર્મની શરૂઆત થાય છે, એના વગર ધર્મ હોતો નથી.

**આત્મા 'જ્ઞાયકભાવ' છે.**

'જ્ઞાયક' પરને જાણે છે –એવો જ્ઞેયજ્ઞાયકપણાનો વ્યવહાર છે; તોપણ જ્ઞેયની ઉપાધિ તેને નથી, જ્ઞેયો છે માટે આને જ્ઞાયકપણું છે એમ નથી, જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી; પરજ્ઞેય તરફ ન જુએ ને પોતે પોતાના સ્વરૂપને જ સ્વસન્મુખપણે પ્રકાશે ત્યારે પણ જ્ઞાયક તો જ્ઞાયક જ છે. – પરજ્ઞેયની અપેક્ષા જ્ઞાયકને નથી. પરસન્મુખ થઈને જાણે એવો તેનો સ્વભાવ નથી; માટે જ્ઞાનમાં પરની ઉપાધિ નથી.

અહો, જ્ઞાયકનું જ્ઞાયકપણું સ્વતઃ પોતાથી જ છે. પરજ્ઞેયને જાણતી વખતે પણ તે પોતાથી જ જ્ઞાયક છે; ને પરજ્ઞેયને ન જાણે ત્યારે સ્વજ્ઞેયને પોતાને સ્વયં પ્રકાશતો થકો તે પોતે 'જ્ઞાયક' જ છે. સ્વ–પરપ્રકાશકશક્તિ સ્વયં પોતાથી છે, તેમાં પરજ્ઞેયની ઉપાધિ કે આલંબન નથી.

આત્મામાં વીતરાગતાને જે રચે તે જ સાચું આત્મવીર્ય છે. બાકી રાગાદિ વિકારને રચીને સંસારમાં રખડે તેને સાચું આત્મવીર્ય કહેતા નથી. અહીં તો ચારે ગતિનાં દુઃખથી ડરીને જે મુમુક્ષુ આત્માનું હિત કરવા માંગે છે તેની વાત છે. ચારે ગતિ દુઃખ છે. ચાર ગતિનો જેને ભય હોય તે તેના કારણરૂપ પુણ્યને કેમ ઇચ્છે છે? જેને પુણ્યમાં મીઠાશ લાગે છે, પુણ્યનો આદર છે તેને ચારે ગતિનો ભય નથી લાગ્યો, તેને નરકનો ભય છે પણ સ્વર્ગની તો ઇચ્છા છે. જે પુણ્યને ઇચ્છે છે તે સ્વર્ગની ગતિને ઇચ્છે છે ને જે સ્વર્ગને ઇચ્છે છે તે સંસારને જ ઇચ્છે છે. આત્માના મોક્ષને જે ઇચ્છે તે

સંસારના કારણરૂપ પુણ્યરાગને કદી ભલો ન માને; તે તો ચૈતન્યસ્વભાવના આશ્રયે વીતરાગભાવને જ ભલો માને છે. શુભરાગનો કણ પણ ધર્મીને કષાયની અગ્નિ જેવો લાગે છે. ક્યાં વીતરાગતાની શાંતિ ! ને કયાં રાગની આકુળતા ! જેમ શીતળ પાણીમાં પોષાયેલું માછલું, તે અગ્નિમાં તો દાઝે ને ઉની રેતીમાં પણ તે દાઝે તેમ ચૈતન્યના શુદ્ધોપયોગની જે વીતરાગી શીતળશાંતિ, – તેમાં પોષાયેલા સંતોને અશુભની તો શી વાત, પણ શુભમાંયે આકુળતાની કષાયઅગ્નિ જેવી બળતરા થાય છે. ધર્મી તેને પણ છોડીને શુદ્ધોપયોગરૂપ સમભાવને પ્રાપ્ત કરવા માંગે છે, ને તે જ મોક્ષમાર્ગ છે.

કુંદકુંદાચાર્યદેવે કષાયકણરૂપ શુભને છોડીને અંતરમાં શુદ્ધોપયોગરૂપ સામ્યભાવને અંગીકાર કર્યો, એટલે આત્મામાં સાક્ષાત્ મોક્ષમાર્ગ પરિણમાવ્યો. જુઓ મોક્ષમાર્ગ પ્રગટે ત્યાં જીવને પોતાને તેની ખબર પડે છે. પહેલાં નિર્વિકલ્પ અનુભૂતિ સહિત સમ્યગ્દર્શન થાય છે ત્યારે મોક્ષમાર્ગ શરૂ થાય છે. અહીં તો તે સમ્યગ્દર્શન ઉપરાંત ચારિત્રદશાની, અને તેમાં પણ શુદ્ધોપયોગની વાત છે. શુદ્ધોપયોગ જ સાક્ષાત્ મોક્ષમાર્ગ છે.

( જયપુર – પ્રવચનોઃ ચાલુઃ વિશેષ માટે જુઓ પાનું ૩૧ )

## અડોલ સાધક

જગતમાં પ્રતિકૂળતાના ડુંગરા તૂટી પડતા હોય, અજ્ઞાનીઓ સત્યધર્મનો વિરોધ કરતા હોય, અન્યાય થતો હોય, છતાં જ્ઞાનમાં વિકલ્પ કરવાનો કે આકુળતા કરવાનો સ્વભાવ નથી; શું સિદ્ધ ભગવંતો આકુળતા કરે છે ? ના; પ્રતિકૂળતાના વાયરામાં એવી તાકાત નથી કે જ્ઞાનના પહાડને ડગાવી દે, અનાકુળપણે રહેવાનો જ્ઞાનનો સ્વભાવ છે. આવા બેહદ વીતરાગ શાંતસ્વભાવથી આત્મા ભરેલો છે. અહા, આત્મસ્વભાવ તો વીતરાગી નિર્મળ કાર્યને જ કરનારો ને આનંદનો જ દેનારો છે. – આવી આત્મસાધનાના પંથે ચડેલા સાધકને જગતની કોઈ પ્રતિકૂળતા ડગાવી શકતી નથી કે મુંઝવી શકતી નથી. ( આત્મવૈભવ )

## “नाटक सुनत हिये फाटक खुलत है”

## સમયસાર નાટક દ્વારા શુદ્ધાત્માનું શ્રવણ કરતાં હૈયાનાં ફાટક ખુલી જાય છે

(સમયસાર – નાટકનાં અધ્યાત્મરસઝરતાં પ્રવચનોમાંથી (લેખાંકઃ ૬)

જિનશાસ્ત્રોમાં છ દ્રવ્યોનું વર્ણન કર્યું છે, તેમાં જીવનું સ્વરૂપ જાણીને તેનો અનુભવ કરવો. જીવાદિ નવતત્ત્વોનું સાચું જ્ઞાન તે પણ ભેદજ્ઞાનનું અને આત્મ–અનુભવનું કારણ છે. તેમાં પ્રથમ જીવતત્ત્વ કેવું છે? –

समता रमता ऊरधता ज्ञायकता सुखभास।
वेदकता चैतन्यता ए सब जीव विलास।। २६।।

પહેલાં ૨૦ મા શ્લોકમાં છ દ્રવ્યમાંથી જીવદ્રવ્યનું વર્ણન હતું; અને આ શ્લોકમાં નવતત્ત્વમાંથી જીવતત્ત્વનું વર્ણન છે.

સમતા એટલે વીતરાગભાવ તેમાં રમણતારૂપ લીનતા, તે જીવનો સ્વભાવ છે. રાગમાં રમે એવો જીવનો સ્વભાવ નથી, વીતરાગી સમભાવમાં રમે એવો જીવનો સ્વભાવ છે; વળી ઊર્ધ્વગમન તેનો સ્વભાવ છે, મોક્ષ થતાં ઊર્ધ્વગમન કરીને સિદ્ધાલયમાં વસે છે. વળી જીવ જ્ઞાયકસ્વભાવ છે; જ્ઞાયકપણું જ એનો સ્વભાવ છે.

‘રમતા’ એટલે રમ્યપણું; જગતમાં આત્મા જ રમ્યવસ્તુ છે, તેનાથી જ બધું શોભે છે. અને આત્માને સ્વભાવનું એવું ઊર્ધ્વપણું એટલે કે મુખ્યપણું છે કે તેની વિદ્યામનતામાં જ જગતના પદાર્થો જણાય છે, એટલે જગતના પદાર્થોમાં સૌથી આગળ સૌથી મુખ્ય સૌથી પ્રધાન વસ્તુ આત્મા જ છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ આ સમયસાર–નાટક વાંચીને આ ૨૬ અને ૨૭ મા શ્લોકનો સરસ અધ્યાત્મઅર્થ લખ્યો છે, તે નીચે પ્રમાણે છે –

‘જીવ’ નામનો પદાર્થ જેવો છે તેવો શ્રી તીર્થંકર પરમદેવે સ્પષ્ટ જાણ્યો

છે, અનુભવ્યો છે, અને તે જ પ્રકારે પ્રગટ કહ્યો છે. અમે પોતે સ્પષ્ટ પ્રગટપણે આવા આત્મા છીએ, ને તમારા આત્માને તમે પણ આવો જ સમજો.

- આત્મા કેવો છે? પ્રથમ તો 'સમતા' લક્ષણથી યુક્ત છે. વર્તમાનમાં જેવી અસંખ્ય પ્રદેશાત્મક ચૈતન્યસ્થિતિ છે તેવી જ ત્રણેકાળ તેની સ્થિતિ છે. તેનું અસંખ્યપ્રદેશીપણું, ચૈતન્યપણું, અરૂપીપણું વગેરે સમસ્ત સ્વભાવો કોઈપણ કાળે છૂટતા નથી, સદા એવાને એવા રહે છે એવું 'સમપણું' એટલે કે 'સમતા' આત્માનું લક્ષણ છે.

- વળી આત્મામાં 'રમતા' છે, રમતા એટલે રમ્યપણું, રમણીયતા, સુંદરતા, શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે આવો રમ્ય જે આત્મા, તેમાં હે જીવ! તું રમક થા. ત્વરાથી તેમાં રમણ કર, ને બીજામાં રમણ છોડ. રમતા એટલે રમણીયપણું (રમ્યસ્થાન) તો આત્મામાં છે, બીજું કોઈ રમ્ય સ્થાન નથી.

પશુ–પક્ષી, મનુષ્યાદિ દેહને વિષે, વૃક્ષાદિને વિષે જે કાંઈ રમણીયપણું જણાય છે, અથવા જેના વડે તે સર્વ પ્રગટ સ્ફુર્તિવાળા જણાય છે, પ્રગટ સુંદરપણા સમેત લાગે છે, તે રમણીયપણું એટલે કે રમતા – રમ્યતા જીવને લીધે છે; જેના વિના આખું જગત શૂન્યવત્ ભાસે છે એવું રમ્યપણું જેનું લક્ષણ છે તે જીવ છે. જીવ ન હોય તો આ શરીર કેવું લાગે? જીવ વગરનું શરીર–મડદું તો જોવુંય ન ગમે. જીવના અસ્તિત્વથી જ બધી શોભા છે. આ રીતે જીવમાં જ રમ્યપણું છે. આવા રમ્ય આત્માને જાણીને તેમાં ત્વરાથી રમક થાઓ, ને પરભાવોમાં રમણતા છોડો.

- હવે 'ઊર્ધ્વતા' ના અર્થમાં શ્રીમદ્ રાજચંદ્રજી લખે છે કે – "કોઈ પણ જાણનાર, ક્યારે પણ, કોઈ પણ પદાર્થને પોતાના અવિદ્યમાનપણે જાણે એમ બનવા યોગ્ય નથી; પ્રથમ પોતાનું વિદ્યમાનપણું ઘટે છે, અને કોઈપણ પદાર્થનું ગ્રહણ ત્યાગાદિ કે ઉદાસીન જ્ઞાન થવામાં પોતે જ કારણ છે; બીજા પદાર્થના અંગીકારમાં, તેના અલ્પ માત્ર પણ જ્ઞાનમાં પ્રથમ જે (જીવ) હોય તો જ (જ્ઞાન) થઈ શકે, – એવો સર્વથી પ્રથમ રહેનારો (એટલે કે સર્વથી મુખ્ય) જે પદાર્થ છે તે જીવ છે. તેને ગૌણ કરીને એટલે તેના વિના કોઈ કાંઈ પણ જાણવા ઈચ્છે – તો તે બનવા યોગ્ય નથી. માત્ર તે જ મુખ્ય હોય તો જ બીજું કંઈ જાણી શકાય. આવો પ્રગટ 'ઊર્ધ્વતા–ધર્મ' જેને વિષે છે તે પદાર્થને શ્રી તીર્થંકર 'જીવ' કહે છે."

જુઓ, અંતરની અધ્યાત્મદ્રષ્ટિથી જીવના સ્વરૂપની આ અલૌકિક વ્યાખ્યા છે. શ્રીમદ્ને અંતરની અધ્યાત્મદ્રષ્ટિ હતી, તેથી અંદરના સૂક્ષ્મ અધ્યાત્મભાવો ખોલીને અર્થ લખ્યા છે. જાણનારો એવો જીવ પોતે ન હોય તો પદાર્થોને જાણે કોણ? 'આ શરીર – મકાન બધાને હું જાણું છું, – પણ મારો આત્મા છે કે નહીં – તેની મને ખબર નથી' – એમ જીવ પોતાના અસ્તિત્વને જ ભૂલી રહ્યો છે. અરે, પોતે જ કહે કે હું મને દેખાતો નથી – એ તે કેવી મુર્ખાઈ? કેવું અજ્ઞાન?

ઘટ-પટ આદિ જાણ તું તેથી તેને માન;
પણ જાણનારને માન નહીં, - કહિયે કેવું જ્ઞાન?
દેહ ન જાણે દેહને, જાણે ન ઈન્દ્રિય પ્રાણ;
આત્માની સત્તા વડે તેહ પ્રવર્તે જાણ.

બાપુ! આ બધા પદાર્થો છે – તે જણાય છે ને? .... હા; તો કોની સત્તામાં તે બધું જણાય છે? જેના અસ્તિત્વમાં બધું જાણે છે તે તું જ છો; તું જ બધાને જાણનારો જ્ઞાનસ્વરૂપ છો. દેહને કાંઈ ખબર નથી કે 'હું દેહ છું.' 'આ દેહ છે, આ ઈંદ્રિયો છે' –એવું જે જાણે છે તે જાણનારો પોતે દેહાદિરૂપ થયો નથી, પણ દેહથી ભિન્ન રહીને તેને જાણે છે. આવો જાણનાર પદાર્થ તે પોતે જીવ છે. તેથી જ્ઞાની કહે છે કે –

'જાણનારનો જાણ્યા વગર ધર્મ થાય નહીં.'
'જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું.'

–જુઓ, આ આત્માના જ્ઞાનસ્વભાવની મુખ્યતા. મુખ્યતા એટલે ઊર્ધ્વતા. 'પ્રથમ જીવ હોય તો જ પદાર્થો જણાય.' – અહીં પ્રથમ એટલે પહેલાં આત્મા હતો ને પછી જ્ઞેયો થયા–એવો તેનો અર્થ નથી. પણ પ્રથમ એટલે મુખ્ય, ઊર્ધ્વ; પોતે પોતામાં રહીને બધાને જાણી લ્યે, બધાયને જાણવા છતાં બધાથી જુદો રહે – અધિક રહે, રાગાદિને જાણવા છતાં પોતે રાગરૂપ ન થાય, પોતે જ્ઞાનરૂપ જ રહે – આવું અચિંત્યજ્ઞાનસામર્થ્ય જીવમાં એકલામાં જ છે, તેથી તેનામાં ઊર્ધ્વતા છે. આવા આત્માને જાણતાં જીવ ઊર્ધ્વ એવી સિદ્ધગતિને પામે છે. આત્મા જ્યારે મોક્ષ પામે ત્યારે એક સમયમાં સ્વાભાવિક ઊર્ધ્વગમન કરીને તે સિદ્ધક્ષેત્રમાં સાદિઅનંતકાળ સુધી સ્થિર રહે છે ને અનંત આનંદ સહિત સદાકાળ નિજસ્વરૂપમાં બિરાજે છે. –

પૂર્વ પ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય-પ્રાપ્ત સુસ્થિત જો;

**સાદિ અનંત અનંત સમાધિસુખમાં,**

**અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો.**

જગતના કોઈપણ પદાર્થને સિદ્ધ કરતાં તેને જાણનારો હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું– એમ તો પહેલાં જ નક્કી થવું જોઈએ. આત્માનું પોતાનું અસ્તિત્વ નક્કી કર્યા વગર કોઈપણ જ્ઞેયોનું સાચું જ્ઞાન થઈ શકે નહીં. – માટે સર્વપદાર્થોમાં આત્મા ઊર્ધ્વ છે.

જગતમાં અનંતા સિદ્ધ ભગવંતો છે..... જાણ્યું કોણે ? .... કે આત્માએ.

જગતમાં પંચપરમેષ્ઠી છે..... જાણ્યું કોણે ? .... કે આત્માએ.

જગતમાં જડ–ચેતન તત્ત્વો છે..... જાણ્યું કોણે ? .... કે આત્માએ.

જગતમાં છ દ્રવ્યો છે..... જાણ્યું કોણે ? ... કે આત્માએ.

જગતમાં અંત વગરનું આકાશ છે..... જાણ્યું કોણે ? ... કે આત્માએ.

આ રીતે બધાયને જાણવામાં જાણનારની પહેલી મુખ્યતા છે. અનંતા સિદ્ધ ભગવંતોનું અસ્તિત્વ છે – તે જાણ્યું કોણે ? કે જ્ઞાને; જ્ઞાનના અસ્તિત્વમાં અનંતા સિદ્ધોનું અસ્તિત્વ જણાયું. તો જે જ્ઞાને અનંતા સિદ્ધભગવંતોના અસ્તિત્વનો સ્વીકાર કર્યો તે જ્ઞાનની તાકાત કેટલી ? તે જ્ઞાન કેટલું મોટું ? – આવા જ્ઞાનસામર્થ્ય વડે આત્માની ઊર્ધ્વતા ને મહાનતા છે. રાગમાં એ તાકાત નથી; રાગથી ભિન્ન જ્ઞાનમાં જ એ તાકાત છે. તે જ્ઞાન પોતે રાગથી ઊર્ધ્વ (– ઊંચું – જુદું – અધિક) થઈને જ્ઞાનસ્વભાવમાં તન્મય પરિણમ્યું છે. આવા જ્ઞાનસ્વરૂપ આત્માને જાણતાં મહાન આનંદ થાય છે, ને અંતરના દરવાજા ઊઘડી જાય છે.

[ नाटक सुनत हिये फाटक खुलत है। ]

વળી જીવમાં જ્ઞાયકતા અને સુખસ્વભાવ છે તે બતાવે છેઃ

(જ્ઞાયકતા –) ‘પ્રગટે એવા જડ પદાર્થો અને જીવ, તેઓ જે કારણે કરી ભિન્ન પડે છે તે લક્ષણ જીવનો ‘જ્ઞાયકપણા’ નામનો ગુણ છે. કોઈ પણ સમયે જ્ઞાયકતા રહિતપણે આ જીવપદાર્થ કોઈ પણ અનુભવી શકે નહીં; અને તે ‘જીવ’ નામના પદાર્થ સિવાય બીજા કોઈ પણ પદાર્થને વિષે જ્ઞાયકપણું સંભવી શકે નહીં; એવું જે અત્યંત અનુભવનું કારણ ‘જ્ઞાયકતા’ – તે લક્ષણ જેનામાં છે તે પદાર્થને તીર્થંકર ભગવાને ‘જીવ’ કહ્યો છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ સહેલી ભાષામાં જીવના સ્વરૂપનું ઘણું સરસ સ્પષ્ટીકરણ કર્યું છે. જ્ઞાનીની અંદરની દશાને વિરલા લોકો જ ઓળખે છે. જ્ઞાનીના જે ન્યાયો આત્માને સ્પર્શીને નીકળતા હોય તે શાસ્ત્રની ધારણા કરતાં જુદી જાતના હોય છે.

હવે ‘સુખભાસ’ શબ્દનો અર્થ કહે છે, તેમાં જીવના સુખસ્વભાવની સિદ્ધિ કરે છે– (તે આવતા અંકમાં વાંચશોજી.)

# ઉત્તમ પુરુષોના હૃદયની વાત

- ઉત્તમ પુરુષોના શુદ્ધ હૃદયસરોવરમાં કોણ બિરાજે છે?

  ઉત્તમ પુરુષોના હૃદયસરોવરમાં કારણઆત્મા બિરાજે છે, શોભે છે.
- ઉત્તમ પુરુષ કોણ છે?

  જેના અંતરમાં રાગાદિ પરભાવો નથી બિરાજતા, પણ પરમબ્રહ્મ પરમાત્મા પોતે જેના અંતરમાં બિરાજે છે – એવા ધર્મી જીવો જ ઉત્તમ પુરુષ છે. જેના અંતરમાં રાગ વિરાજે છે– રાગથી જે આત્માની શોભા માને છે તે જીવ ઉત્તમ નથી પણ હીન છે.
- ઉત્તમ ધર્માત્માઓ કોને ભજે છે?

  અંતરમાં બિરાજમાન પોતાના કારણપરમાત્માને જ ભજે છે.
- કારણ–પરમાત્મા કોણ છે?

  ‘તે તું જ છો’ [ सत्वम् ]
- મોક્ષને માટે કોને ભજવું?

  અંતરમાં બિરાજમાન પોતાના કારણપરમાત્માને જ શીઘ્ર ભજ.
- સિંહ જેવા પુરુષાર્થવાળા હે ભવ્યશાર્દૂલ! અંતરમાં શુદ્ધદ્રષ્ટિવડે જેને તું ભજી રહ્યો છે તેને જ તું ઊગ્રપણે શીઘ્ર ભજ.
- તીક્ષ્ણબુદ્ધિવાળા ઉત્તમપુરુષો એટલે કે અંતર્મુખ બુદ્ધિવાળા શુદ્ધદ્રષ્ટિ જીવો પોતાના શુદ્ધાત્માને એકને જ ભજતા થકા પરમઆનંદરૂપ મોક્ષને સાધે છે. આ ઉત્તમ પુરુષોના હૃદયની વાત છે; તે જાણીને તું પણ તેને ભજ.

# સમ્યગ્દર્શનના આઠ અંગની કથા

સમકિતસહિત આચાર હી સંસારમેં ઈક સાર હૈ,
જિનને કિયા આચરણ ઉનકો નમન સોસો વાર હૈ;
ઉનકે ગુણોંકે કથનસે ગુણગ્રહણ કરના ચાહિયે,
અરૂ પાપિયોંકા હાલ સુનકે પાપ તજના ચાહિએ.

## (૪) અમૂઢદ્રષ્ટિ-અંગમાં પ્રસિદ્ધ રેવતીરાણીની કથા

(પ્રથમ નિઃશંકઅંગમાં પ્રસિદ્ધ અંજનચોરની કથા, બીજી નિઃકાંક્ષઅંગમાં પ્રસિદ્ધ સતી અનંતમતિની કથા, તથા ત્રીજી નિર્વિચિકિત્સા – અંગમાં પ્રસિદ્ધ ઉદાયન રાજાની કથા આપે વાંચી; ચોથી કથા આપ અહીં વાંચશો.)

આ ભરતક્ષેત્રની વચ્ચે વિજયાર્દ્ધ – પર્વત આવેલો છે, તેના પર વિદ્યાધર મનુષ્યો રહે છે; તે વિદ્યાધરોના રાજા ચંદ્રપ્રભનું ચિત્ત સંસારથી વિરક્ત હતું; રાજયકારભાર પોતાના પુત્રને સોંપીને તે તીર્થયાત્રા કરવા નીકળ્યા હતા. તેઓ કેટલોક વખત દક્ષિણ મથુરામાં રહ્યા; દક્ષિણદેશના પ્રસિદ્ધ તીર્થો, અને રત્નોનાં જિનબિંબથી શોભતા જિનાલયો દેખીને તેમને આનંદ થયો. મથુરામાં તે વખતે ગુપ્તાચાર્ય નામના મહાન મુનિરાજ બિરાજતા હતા. તેઓ વિશિષ્ટ જ્ઞાનના ધારક હતા અને મોક્ષમાર્ગનો ઉત્તમ ઉપદેશ દેતા હતા. ચંદ્રરાજાએ કેટલાક દિવસ સુધી મુનિરાજનો ઉપદેશ સાંભળ્યો અને ભક્તિપૂર્વક તેમની સેવા કરી.

ત્યાર પછી તેણે ઉત્તર મથુરાનગરીની યાત્રાએ જવાનો વિચાર કર્યો –કે જ્યાંથી જંબુસ્વામી મોક્ષ પામ્યા છે અને જ્યાં અનેક મુનિરાજ બિરાજતા હતા, તેમાં ભવ્યસેન નામના એક મુનિ પણ પ્રસિદ્ધ હતા. તે વખતે મથુરામાં વરુણરાજા હતા અને તેમની રાણીનું નામ રેવતીદેવી હતું.

ચંદ્રરાજાએ મથુરા જવાની પોતાની ઇચ્છા ગુપ્તાચાર્ય પાસે રજુ કરી અને આજ્ઞા માંગી, તથા ત્યાંના સંઘ માટે કાંઈ સંદેશ લઇ જવાનું પૂછયું.

ત્યારે શ્રી આચાર્યદેવે સમ્યક્ત્વની દ્રઢતાનો ઉપદેશ આપતાં કહ્યું કે – આત્માનું સાચું સ્વરૂપ સમજનાર સમ્યગ્દ્રષ્ટિ જીવ, વીતરાગ અરિહંતદેવ સિવાય બીજા કોઈને દેવ માનતા નથી. જે દેવ ન હોય તેને દેવ માનવા તે દેવમૂઢતા છે; એવી મૂઢતા ધર્મીને હોતી નથી. મિથ્યામતના દેવાદિક બહારથી ગમે તેવા સુંદર દેખાતા હોય, બ્રહ્મા–વિષ્ણુ કે શંકર જેવા હોય – તોપણ ધર્મીજીવ તેના પ્રત્યે આકર્ષાતા નથી. મથુરાની રાજરાણી રેવતીદેવી આવા સમ્યક્ત્વની ધારક છે, જૈનધર્મની શ્રદ્ધામાં તે ઘણી જ દ્રઢ છે, તેને ધર્મવૃદ્ધિના આશીષ કહેજો. તથા ત્યાં બિરાજમાન સુરત મુનિ– કે જેમનું ચિત્ત રત્નત્રયમાં રત છે – તેમને વાત્સલ્યપૂર્વક નમસ્કાર કહેજો.

–આ પ્રમાણે આચાર્યદેવે સુરત – મુનિરાજને તથા રેવતીરાણીને માટે સન્દેશ કહ્યો, પણ ભવ્યસેન મુનિને તો યાદ પણ ન કર્યા, આથી રાજાને આશ્ચર્ય થયું, ને ફરીને પણ આચાર્ય–મહારાજને પૂછયું કે બીજા કોઈને કાંઈ કહેવાનું છે? પણ આચાર્યદેવે એથી વિશેષ કાંઈ ન કહ્યું.

આથી તે ચંદ્રરાજાને એમ થયું કે શું આચાર્યદેવ ભવ્યસેનમુનિને ભૂલી ગયા હશે? –ના, ના; તેઓ ભૂલે તો નહીં; તેઓ વિશિષ્ટ જ્ઞાનના ધારક છે; તેથી તેમની આ આજ્ઞામાં જરૂર કાંઇક રહસ્ય હશે. ઠીક, જે હશે તે ત્યાં પ્રત્યક્ષ દેખાશે. – એમ સમાધાન કરી, આચાર્યદેવના ચરણોમાં નમસ્કાર કરીને તે મથુરા તરફ વિદાય થયો.

મથુરામાં આવીને સૌ પ્રથમ તેણે સુરતમુનિરાજનાં દર્શન કર્યાં; તેઓ ઘણા જ ઉપશાંત અને શુદ્ધરત્નત્રયનું પાલન કરનારા હતા; ચંદ્રરાજાએ તેમને ગુપ્તાચાર્યનો સન્દેશ કહ્યો અને તેમની વતી નમસ્કાર કર્યા.

ચંદ્રરાજાની વાત સાંભળીને સુરતમુનિરાજે પ્રસન્નતા વ્યક્ત કરી, અને પોતે પણ વિનયપૂર્વક હાથ જોડીને શ્રી ગુપ્તઆચાર્ય પ્રત્યે પરોક્ષ નમસ્કાર કર્યા. મુનિવરોનું એકબીજા પ્રત્યે આવું વાત્સલ્ય દેખીને રાજા ઘણો પ્રસન્ન થયો. સુરત મુનિરાજે કહ્યુંઃ હે વત્સ! વાત્સલ્ય વડે ધર્મ શોભે છે. ધન્ય છે એ રત્નત્રયના ધારક આચાર્યદેવને, – કે જેમણે આટલે દૂરથી પણ સાધર્મી તરીકે મને યાદ કર્યો. શાસ્ત્રમાં ખરું કહ્યું છે કે –

ये कुर्वन्ति सुवात्सल्यं भव्या धर्मानुरागतः।
साधर्मिकेषु तेषां हि सफलं जन्म भूतले।।

અહો! ધર્મના પ્રેમવડે જે ભવ્યજીવો સાધર્મીજનો પ્રત્યે ઉત્તમ વાત્સલ્ય કરે છે તેમનો જન્મ જગતમાં સફળ છે.

પ્રસન્નચિત્તથી ભાવપૂર્વક ફરીફરીને એ મુનિરાજને નમસ્કાર કરીને રાજા વિદાય થયો અને ભવ્યસેન મુનિરાજ પાસે આવ્યો... તેમણે ઘણું શાસ્ત્રજ્ઞાન હતું ને લોકોમાં તેઓ ખૂબ પ્રસિદ્ધ હતા. રાજા તેમની સાથે કેટલોક વખત રહ્યા, પણ તે મુનિરાજે ન તો આચાર્યસંઘના કાંઈ કુશલ–સમાચાર પૂછયા કે ન કોઈ ઉત્તમ ધર્મચર્ચા કરી. મુનિને યોગ્ય વ્યવહારઆચાર પણ તેમના સરખા ન હતા; શાસ્ત્રો ભણવા છતાં શાસ્ત્રાનુસાર તેમનું આચરણ ન હતું. મુનિને ન કરવા યોગ્ય પ્રવૃત્તિ તેઓ કરતા હતા. આ બધું નજરે દેખીને રાજાને ખ્યાલ આવી ગયો કે તે ભવ્યસેન મુનિ ગમે તેટલા પ્રસિદ્ધ હોય પણ તે સાચા મુનિ નથી. – તો પછી ગુપ્તઆચાર્ય તેમને કેમ યાદ કરે ? ખરેખર, એ વિચક્ષણ આચાર્યભગવાને યોગ્ય જ કર્યું છે.

આ રીતે સુરતિમુનિરાજ અને ભવ્યસેનમુનિને તો નજરે દેખીને પરીક્ષા કરી; હવે રેવતી રાણીને આચાર્ય મહારાજે ધર્મવૃદ્ધિના આશીષ કહ્યા છે તેથી તેની પણ પરીક્ષા કરું – એમ રાજાને વિચાર થયો.

* * *

બીજે દિવસે મથુરા નગરીના ઉદ્યાનમાં એકાએક સાક્ષાત્ બ્રહ્મા પધાર્યા. નગરજનોના ટોળેટોળાં એનાં દર્શન માટે ઉમટયા... ને ગામ આખામાં ચર્ચા ચાલી કે અહા ! સૃષ્ટિના સરજનહાર બ્રહ્માજી સાક્ષાત્ પધાર્યા છે... તેઓ કહે છે કે હું આ સૃષ્ટિનો સર્જનહાર છું ને દર્શન દેવા આવ્યો છું.

મૂઢ લોકોનું તો શું કહેવું ? મોટા ભાગના લોકો એ બ્રહ્માજીના દર્શન કરી આવ્યા. પેલા પ્રસિદ્ધ ભવ્યસેન મુનિ પણ કુતૂહલવશ ત્યાં જઈ આવ્યા. ન ગયા એક સુરત – મુનિ, અને ન ગઈ રેવતીરાણી.

જ્યારે રાજાએ સાક્ષાત્ બ્રહ્માની વાત કરી ત્યારે મહારાણી રેવતીએ નિઃશંકપણે કહ્યું – મહારાજ ! એ બ્રહ્મા હોઈ શકે નહીં; કોઈક માયાચારીએ ઇન્દ્રજાળ ઊભી કરી છે, કેમકે કોઈ બ્રહ્મા આ સૃષ્ટિના સરજનહાર છે જ નહીં. બ્રહ્મા તો આપણો જ્ઞાનસ્વરૂપ આત્મા છે; અથવા ભરતક્ષેત્રમાં ભગવાન ઋષભદેવે મોક્ષમાર્ગની રચના કરી તેથી તેઓને બ્રહ્મા કહેવાય છે. – એ સિવાય બીજો કોઈ બ્રહ્મા નથી – કે જેને હું વંદન કરું.

બીજો દિવસ થયો અને મથુરાનગરીના બીજા દરવાજે નાગશય્યાસહિત સાક્ષાત્ વિષ્ણુભગવાન પધાર્યા, જેને અનેક શણગાર હતા ને ચાર હાથમાં શસ્ત્રો હતાં. લોકોમાં

તો ફરી પાછી હલચલ મચી ગઈ; લોકો વગરવિચાર્યે દોડયા, ને કહેવા લાગ્યા કે અહા! મથુરાનગરીના મહાભાગ્ય ખીલ્યા છે કે ગઈકાલે સાક્ષાત્ બ્રહ્માએ દર્શન દીધા ને આજે વિષ્ણુભગવાન પધાર્યા.

રાજાને એમ થયું કે આજે તો જરૂર રાણી આવશે, એટલે તેણે હોંશથી રાણીને તે વાત કરી. – પણ રેવતી જેનું નામ! વીતરાગદેવના ચરણમાં જ ચોટેલું એનું મન જરાય ડગ્યું નહીં. શ્રીકૃષ્ણાદિ નવ વિષ્ણુ (એટલે કે વાસુદેવ) થાય છે, અને તે તો નવ ચોથા કાળમાં થઈ ચુકયા. દશમાં વિષ્ણુનારાયણ કદી થાય નહીં, માટે જરૂર આ બધું બનાવટી જ છે; કેમકે જિનવાણી કદી મિથ્યા હોય નહીં. આમ જિનવાણીમાં દ્રઢશ્રદ્ધાપૂર્વક, અમૂઢદ્રષ્ટિઅંગથી તે જરા પણ ચલાયમાન ન થઈ.

ત્રીજા દિવસે વળી નવો ફણગો ફૂટયો. બ્રહ્મા અને વિષ્ણુ પછી આજે તો પાર્વતી દેવીસહિત જટાધારી શંકર મહાદેવ પધાર્યા. ગામના ઘણા લોકો એના દર્શન કરવા ઉમટયા; કોઇ ભક્તિથી ગયા તો કોઈ કુતૂહલથી ગયા. પણ જેના રોમેરોમમાં વીતરાગદેવ વસતા હતા એવી રેવતીરાણીનું તો રૂંવાડુંય ન ફરકયું, એને કંઈ આશ્ચર્ય ન થયું, એ તો લોકોની દયા આવી કે અરેરે! પરમ વીતરાગ સર્વજ્ઞદેવ મોક્ષમાર્ગને દેખાડનારા ભગવાન, તેમને ભૂલીને મૂઢતાથી લોકો ઇન્દ્રજાળમાં કેવા ફસાઈ રહ્યા છે! ખરેખર, ભગવાન અરિહંતદેવનો માર્ગ પ્રાપ્ત થવો જીવોને બહુ દુર્લભ છે.

હવે ચોથા દિવસે તો મથુરાના આંગણે તીર્થંકર ભગવાન પધાર્યા.... અદ્ભુત સમવસરણની રચના, ગંધકૂટી જેવો દેખાવ અને તેમાં ચતુર્મખસહિત તીર્થંકર ભગવાન! લોકો તો ફરી પાછા દર્શન કરવા દોડયા. રાજાને એમ કે આ વખતે તો તીર્થંકર ભગવાન પધાર્યા છે એટલે રેવતીદેવી જરૂર આવશે.

પણ રેવતીરાણીએ તો કહ્યું કે અરે મહારાજ! અત્યારે આ પંચમકાળમાં વળી તીર્થંકર કેવા? ભગવાને આ ભરતક્ષેત્રમાં એક ચોવીસીમાં ચોવીસ જ તીર્થંકર થવાનું કહ્યું છે, ને તે ૠષભથી માંડીને મહાવીર સુધી ૨૪ તીર્થંકરો થઈને મોક્ષ પધારી ગયા, આ પચ્ચીસમા તીર્થંકર કેવા? એ તો કોઈ કપટીની માયાજાળ છે. મૂઢલોકો દેવના સ્વરૂપનો વિચાર પણ કરતા નથી ને એમને એમ દોડયા જાય છે.

બસ, પરીક્ષા થઈ ચુકી... વિદ્યાધર રાજાને ખાતરી થઈ ગઈ કે આ રેવતીરાણીની પ્રશંસા ગુપ્તાચાર્યે કરી છે તે યોગ્ય જ છે, તે સમ્યક્ત્વના સર્વે અંગોથી શોભી રહી છે.

શું પવનથી કદી મેરૂપર્વત હલતો હશે! નહીં; તેમ સમ્યગ્દર્શનમાં મેરુ જેવા અકંપ સમ્યગ્દ્રષ્ટિ જીવો કુધર્મરૂપી પવન વડે જરાપણ ડગતા નથી; દેવ – ગુરુ – ધર્મ સંબંધી મૂઢતા તેમને હોતી નથી; તેઓ બરાબર ઓળખાણ કરીને સાચા વીતરાગી દેવ–ગુરુ –ધર્મને જ નમે છે.

રેવતીરાણીની આવી દ્રઢ ધર્મશ્રદ્ધા દેખીને વિદ્યાધરને ઘણી પ્રસન્નતા થઈ, અને પોતાના અસલી સ્વરૂપે પ્રગટ થઈને તેણે કહ્યું – હે માતા! મને ક્ષમા કરો. ચાર દિવસ સુધી આ બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ વગેરેની ઇન્દ્રજાળ મેં જ ઊભી કરી હતી; ગુપ્તાચાર્યદેવે તમારા સમ્યક્ત્વની પ્રશંસા કરી તેથી તમારી પરીક્ષા કરવા માટે જ મેં આ બધું કર્યું હતું. અહા! ધન્ય છે આપની શ્રદ્ધાને! ધન્ય છે આપની અમૂઢદ્રષ્ટિને! હે માતા! આપના સમ્યક્ત્વની પ્રશંસાપૂર્વક શ્રી ગુપ્તાચાર્યભગવાને આપને માટે ધર્મવૃદ્ધિના 'આશીર્વાદ' મોકલાવ્યા છે.

અહા! મુનિરાજના આશીર્વાદની વાત સાંભળતા જ રેવતી રાણીને અપાર હર્ષ થયો.... હર્ષથી ગદગદ થઈને તેણે એ આશીર્વાદનો સ્વીકાર કર્યો; ને જે દિશામાં મુનિરાજ બિરાજતા હતા તે તરફ સાત પગલાં જઇને પરમ ભક્તિથી મસ્તક નમાવીને મુનિરાજને પરોક્ષ નમસ્કાર કર્યાં.

વિદ્યાધર રાજાએ રેવતીમાતાનું ઘણું સન્માન કર્યું અને તેની પ્રશંસા કરીને આખી મથુરાનગરીમાં તેનો મહિમા ફેલાવી દીધો. રાજમાતાની આવી દ્રઢશ્રદ્ધા દેખીને અને જિનમાર્ગનો આવો મહિમા દેખીને મથુરાનગરીના કેટલાય જીવો કુમાર્ગ છોડી જૈનધર્મના ભક્ત થયા, અને ઘણા જીવોની શ્રદ્ધા દ્રઢ થઈ. આ રીતે જૈનધર્મની મહાન પ્રભાવના થઈ.

[ બંધુઓ, આ કથા આપણને એમ કહે છે કે વીતરાગ પરમાત્મા અરિહંતદેવનું સાચું સ્વરૂપ ઓળખો અને તેમના સિવાયના બીજા કોઈ પણ દેવ – ભલે સાક્ષાત્ બ્રહ્મા – વિષ્ણુ – શંકર જેવા દેખાતા હોય તોપણ તેને નમો નહીં. જિનવચનથી વિરુધ્ધ કોઈ વાતને માનો નહીં. ભલે આખું જગત બીજું માને ને તમે એકલા પડી જાઓ – તોપણ જિનમાર્ગની શ્રદ્ધા છોડો નહીં. ]

# 卐 શ્રુતપંચમી-પ્રવચન 卐

## જયપુરશહેરમાં જેઠ સુદ પાંચમનું પ્રવચન

**હે જીવો! પરમઆનંદની પ્રાપ્તિ માટે શુદ્ધોપયોગરૂપે પરિણમો, તેનો આ અવસર છે.**

આજે જેઠ સુદ પાંચમ, તે શ્રુતપંચમીનો મહાન દિવસ છે. જિનવાણીમાં કહેલા વીતરાગી જ્ઞાનના મહિમાનો ને તેની આરાધનાનો આજે દિવસ છે. અંકલેશ્વર (ગુજરાત) માં બે હજાર વર્ષ પહેલાં શ્રુતની રચનાનો (षट्खंडागम સિદ્ધાતગ્રંથની રચના પૂરી થઈ તેનો) મોટો ઉત્સવ ઉજવાયો હતો, ચતુવિધસંઘે શ્રુતના બહુમાનપૂર્વક મહાપૂજા કરી હતી; ત્યારથી તે દિવસ શ્રુતપંચમી તરીકે ઉજવાય છે. षट्खंडागम મહાવીર ભગવાનની વાણી સાથે સીધો સંબંધ ધરાવે છે.

ભગવાન મહાવીરપ્રભુની વાણી ઝીલીને ગણધરદેવે ગૂંથેલું બારઅંગનું જ્ઞાન, પરંપરા અનુક્રમે ઘટતાં–ઘટતાં ૬૮૩ વર્ષ બાદ ધરસેનસ્વામીને મળ્યું હતું. રત્નત્રયને ધરનારા ધરસેનસ્વામી મહાન દિગંબર સંત હતા અને શ્રુતજ્ઞાનના દરિયા હતા. તેઓ ગીરનારતીર્થની ચંદ્રગુફામાં એકાંતમાં રહીને આત્મસાધના કરતા હતા. (આ પત્રના સંપાદકે ગીરનારની એ ચંદ્રગુફા જોયેલી છે અને તેમાં બેસીને ષટ્ખંડાગમ – સમયસાર વગેરેની સ્વાધ્યાય કરેલી છે. પર્વતપરના દિગંબર જિનમંદિરના પૂજારીને કહેવાથી તે સાથે આવીને બતાવે છે. દિગંબર મંદિરેથી લગભગ પંદર મિનિટનો રસ્તો છે.) તે ચંદ્રગુફામાં રહેતા શ્રી ધરસેનમુનિરાજને પોતાની આયુસ્થિતિ અલ્પ જાણીને શ્રુતની રક્ષાનો એવો વિકલ્પ ઊઠયો કે – ભગવાનની પરંપરાથી આવેલું આ શ્રુતજ્ઞાન અચ્છિન્ન રહે, તે માટે મુનિઓને તેનું જ્ઞાન આપું. તેમણે દક્ષિણદેશમાંથી બે મુનિઓને બોલાવ્યા. જ્યારે તે મુનિઓ આવતા હતા ત્યારે ધરસેનસ્વામીએ સ્વપ્નામાં બે ઉત્તમ સફેદ વૃષભ આવતા દેખ્યા ને પોતાના ચરણમાં નમતા દેખ્યા. તે ઉપરથી, શ્રુતની ધૂરાનો ભાર વહન કરી શકે એવા સમર્થ બે મુનિઓનું આગમન જાણીને, અને તેમના દ્વારા

શ્રુતની અચ્છિન્નધારા રહેવાનું જાણીને, પ્રસન્નતાથી તેમના મુખમાંથી આશીર્વાદ નીકળ્યા કે ‘જય હો શ્રુતદેવતા. ’

પછી તે બે મહા વિનયવંત, બુદ્ધિમાન, વીતરાગી મુનિઓ આવ્યા; તે પુષ્પદંત અને ભૂતબલિ મુનિઓને ગીરનાર પર ધરસેનસ્વામીએ ષટ્ખંડાગમ – સિદ્ધાંતનું અલૌકિક જ્ઞાન આપ્યું. જ્યારે ભણાવવાનું પૂરું થયું ત્યારે દેવોએ પણ તે મુનિઓની પૂજા કરીને શ્રુતનું બહુમાન કર્યું હતું.

પછી મુનિઓ ત્યાંથી વિદાય થયા અને અંકલેશ્વરમાં તે જ્ઞાન ષટ્ખંડાગમના સૂત્રોરૂપે ગૂથ્યું; જેઠસુદ પાંચમે તેની પૂજાનો મોટો ઉત્સવ થયો હતો. તે જિનવાણીની પૂજાનો આજે દિવસ છે.

જિનવાણી મહા પૂજ્ય છે. મહા ભાગ્યે ષટ્ખંડાગમ રહી ગયા, ને વીરસેન સ્વામીએ તેની ધવલા ટીકા કરી; તે ટીકા પણ અલૌકિક છે, હવે તો તેનું હિંદી પણ થઈને ૧૬+૭ ( ૨૩ ) પુસ્તકોમાં છપાઈને પ્રસિદ્ધ પણ થઈ ગયા છે. પહેલાં તો મૂડબિદ્રિમાં તેના દર્શન પણ માંડમાંડ થતા. શ્રુતજ્ઞાનનો ભંડાર તેમાં ભર્યો છે. એક તરફ સમયસારાદિ અધ્યાત્મશ્રુતજ્ઞાન અખંડ રહ્યા છે – જે શુદ્ધાત્માનું સ્વરૂપ દેખાડે છે; બીજી તરફ ષટ્ખંડાગમ જેવા સિદ્ધાંતસૂત્રજ્ઞાન પણ અખંડ રહી ગયા. આમ બંને પ્રકારનાં પરમાગમદ્વારા વીતરાગશ્રુતી અખંડ ધારા ચાલી રહી છે. તેના બહુમાનપૂર્વક અભ્યાસ કરવા જેવો છે.

અહા, ધરસેનસ્વામી અને કુંદકુંદસ્વામી વગેરે મુનિઓ તો જ્ઞાનના દરિયા હતા. અહા ! એ મુનિઓ.... તો જાણે સર્વજ્ઞ હોય ! જેને જોતાં સર્વજ્ઞની પ્રતીત થઈ જાય.... એવા મુનિમાં ને સર્વજ્ઞમાં જાણે કાંઈ ફેર ન હોય ! એમ નિયમસારમાં કહ્યું છે.

હવે અહીં સર્વજ્ઞભગવાનની વાણીરૂપ જે પ્રવચનસાર, તેમાં ૧૩ મી ગાથામાં શુદ્ધોપયોગના ફળરૂપ શુદ્ધાત્મપ્રાપ્તિ તેની પ્રશંસા કરે છે. શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિનું સાધન શુદ્ધોપયોગ છે. તે શુદ્ધોપયોગ વડે, બીજા કોઈ પણ કારણની અપેક્ષા વગર, આત્મા સ્વયમેય છ કારકરૂપ થઈને કેવળજ્ઞાનરૂપ પરિણમે છે; શુદ્ધોપયોગી આત્મા, પોતે પોતાના આત્માને જ આધીન સ્વતંત્રપણે કેવળજ્ઞાનરૂપ થાય છે એટલે કે શુદ્ધાત્મ સ્વભાવને પ્રાપ્ત કરે છે.


શુદ્ધોપયોગદશા ચોથા ગુણસ્થાને પણ હોય છે. ધર્મની શરૂઆત જ શુદ્ધોપયોગ વડે થાય છે. ચોથા ગુણસ્થાને શુદ્ધોપયોગ હોય છે – પણ કોઈ કોઈ વાર થાય છે;

કોઈ વાર ટૂંકાગાળે પણ થાય ને કોઈ વાર મહિને પણ એકાદવાર થાય. પછી પાંચમા ગુણસ્થાને તેનાથી વિશેષ શુદ્ધોપયોગ હોય છે, ને થોડાથોડા કાળના અંતરે થાય છે. પછી મુનિદશામાં તો વારંવાર અંતર્મુહૂર્તમાં જ શુદ્ધ નિર્વિકલ્પ ઉપયોગ થયા કરે છે. અહા, શુદ્ધોપયોગ દશાની શી વાત! શુદ્ધોપયોગી નિર્વિકલ્પપણે સિદ્ધભગવાન જેવા આનંદરૂપે પોતાને અનુભવે છે.

આવો શુદ્ધોપયોગ તે જ ધર્મ છે, તે જ કેવળજ્ઞાનનું સાધન છે. આવા શુદ્ધો-પયોગ સિવાય બીજા કોઈ સાધનની અપેક્ષા કેવળજ્ઞાન-પ્રાપ્તિમાં નથી. બીજા કોઈ સાધનવડે કેવળજ્ઞાન કરવા માંગે, અરે! સમ્યગ્દર્શન કરવા માંગે, તો તેને ધર્મની કે ધર્મના સાધનની ખબર નથી. રાગથી પાર શુદ્ધોપયોગ અપૂર્વ છે, તેનું ફળ પણ અપૂર્વ આનંદ છે. આવો શુદ્ધોપયોગ અને તેનું ફળ બંને અત્યંત પ્રશંસનીય છે.... તેમાં ઉત્સાહ કરવા જેવો છે.

આવો શુદ્ધોપયોગ પોતામાં થાય ત્યારે ધર્મ થયો કહેવાય. તેણે શ્રુતજ્ઞાનને ઓળખ્યું કહેવાય. શ્રુતજ્ઞાનરૂપ જિનવાણી તો પરથી ભિન્ન આત્મા દેખાડીને શુદ્ધપયોગ કરાવે છે. શુદ્ધોપયોગી થઈને જેણે જ્ઞાનસ્વભાવનો અનુભવ કર્યો તેણે જ શ્રુતજ્ઞાનને જાણ્યું છે. શ્રુતજ્ઞાનનું ફળ જ્ઞાનસ્વભાવનો અનુભવ છે. જ્ઞાનનો અનુભવ જેણે ન કર્યો તેનું શ્રુતજ્ઞાન સાચું નથી; તે કદાચ ૧૧ અંગ ભણે તો પણ તેના જ્ઞાનને સાચું જ્ઞાન કહેતા નથી, તે મોક્ષમાર્ગને સાધતું નથી. જ્ઞાનસ્વભાવ તરફ વળીને રાગથી જે જુદું પડયું તે જ સાચું જ્ઞાન છે, તે જ મોક્ષમાર્ગને સાધે છે, અને આવા જ્ઞાનની ઉત્પત્તિ શુદ્ધોપયોગપૂર્વક જ થાય છે. માટે આચાર્યદેવ કહે છે કે હે જીવો! પરમ આનંદની પ્રાપ્તિ માટે આવા શુદ્ધોપયોગરૂપે તમે પરિણમો....... તેનો આ અવસર છે.

( ઇતિ શ્રુતપંચમી – પ્રવચન )




આ હસ્તાક્ષર ગુરુદેવે ગીરનારતીર્થ ઉપર બેઠા બેઠા લખેલા છે.

# આત્મા સમજવાની જિજ્ઞાસા વિરલાને જાગે છે

**ભેદજ્ઞાનવડે જ જીવ મહાન થાય છે. હે જીવ! તું એવો દ્રઢ નિર્ણય કર કે જરૂર નિર્વિકલ્પ અનુભવ થાય.**

ગત જેઠ માસમાં ગુરુદેવ ચારદિવસ ભાવનગર પધાર્યા; ત્યારે ટાઉનહોલમાં સ. ગા. ૭૨ ઉપરના પ્રવચનમાં કહ્યું કે જ્ઞાનસ્વભાવી આત્માનો ચેતકસ્વભાવ છે; અને રાગાદિ ભાવોમાં ચેતકપણું નથી એટલે કે તેનામાં સ્વને કે પરને જાણવાનો સ્વભાવ નથી, ઊલ્ટું બીજા વડે તે જણાય છે.

‘હું રાગ છું’ એવી રાગને ખબર નથી, પણ તેનાથી જુદું એવું જ્ઞાન જ તેને જાણે છે કે ‘આ રાગ છે, ને હું જ્ઞાન છું.’

આ રીતે જ્ઞાનને અને રાગને ભિન્નસ્વભાવપણું છે. એકપણું નથી. આવું ભિન્નપણાનું જ્ઞાન કરે તે જીવ જ્ઞાનમાં રાગનો અંશ પણ ભેળવે નહિ, એટલે તેનું જ્ઞાન રાગાદિ આસ્રવોથી નિવૃત્ત થયું, છૂટું પડયું. – આવું જ્ઞાન થાય ત્યારે આત્મા મોક્ષમાર્ગમાં આવે.

એકલા શાસ્ત્રના જાણપણાવડે આસ્રવો અટકતા નથી. જ્ઞાન અંતર્મુખ થઈને રાગથી ભિન્નપણે પોતાને અનુભવે ત્યારે જ આસ્રવો છૂટે છે. આત્માનું જ્ઞાન થાય ને રાગમાં એકતાબુદ્ધિ પણ રહે એમ બનતું નથી.

જિજ્ઞાસુ જીવને એમ થાય છે કે આ રાગાદિ ભાવો મને દુઃખદાયક છે, ને તેનાથી મારે છૂટવું છે; એટલે તેનાથી આત્મા કેમ છૂટે એવો તેને પ્રશ્ન થયો છે. પ્રશ્નમાં તેને એટલી કબુલાત તો કરી છે કે રાગાદિભાવોમાં મને સુખ નથી, ને તે રાગાદિભાવ મારું સ્વરૂપ નથી એટલે તેનાથી છૂટી શકાય છે. – તે છૂટવા માટેનો આ પ્રશ્ન છે.

અંતરમાં આવો પ્રશ્ન પણ વિરલાને જ ઊઠે છે. આત્માની આવી વાત પ્રેમથી સાંભળનારા પણ થોડા જ હોય છે, ને તે સમજીને અનુભવ કરનારા તો બહુ જ વિરલા

હોય છે. આ તો આત્મા જેને વહાલો હોય તેની વાત છે. જેને સંસાર ને પૈસા વગેરે વહાલા લાગતા હોય, જેને રાગ અને પુણ્ય વહાલા લાગતા હોય તેને આત્માની વાત ક્યાંથી ગમશે? આત્મા તો એ બધાથી રહિત, એક જ્ઞાનાનંદસ્વરૂપ છે. આવું આત્મસ્વરૂપ સમજવાની અંદરમાં સાચી જિજ્ઞાસા પણ બહુ થોડા જીવોને જાગે છે. અને સાક્ષાત્ અનુભવ કરનારા તો અતિ વિરલ છે.

સ્વસંવેદન જ્ઞાનવડે પોતાના આત્માને પરમેશ્વરપણે અનુભવમાં લીધો ત્યારે રાગાદિ પરભાવોથી અત્યંત ભિન્નતા થઈ. આત્માની અનુભૂતિ વિકલ્પોથી પાર છે; કર્તા–કર્મ વગેરેના ભેદો તેમાં નથી; જ્ઞાનમાં ઇન્દ્રિયોનું અવલંબન નથી; આત્મા સ્વયં–પ્રત્યક્ષ, વિજ્ઞાનઘન છે; વિકલ્પોથી પાર અનુભૂતિમાત્ર છે. – આમ પોતાના સ્વરૂપનો નિર્ણય કરીને જ્યાં અંતરમાં વળે છે ત્યાં ચૈતન્યસમુદ્ર પોતે પોતાના શાંતરસમાં મગ્ન થાય છે, વિકલ્પનાં વમળ શમી જાય છે ને આસ્રવો છૂટી જાય છે. આ રીતે જ્ઞાનનો અનુભવ તે જ દુઃખથી છૂટવાનો રસ્તો છે.

જીવને અરિહંત ભગવાન અને સિદ્ધભગવાન જેવું મોટું થવું છે; તો પોતાને તેમના જેવો મોટો (પૂર્ણસ્વભાવથી ભરેલો) માન્યે મોટો થવાય, કે પોતાને રાગ જેટલો તુચ્છ નાનો માન્યે મોટો થવાય? સિદ્ધભગવાન જેવું જ શુદ્ધ ચિદાનંદ મારું સ્વરૂપ છે– એમ અંતર્મુખ નિર્ણય કરીને, તે સ્વરૂપના અનુભવ વડે આત્મા પોતે કેવળજ્ઞાનાદિ પ્રગટ કરીને સિદ્ધભગવાન જેવો મહાન થાય છે. પણ, હું તો રાગનો કર્તા, હું તો શરીરનો કર્તા–એમ અનુભવનાર જીવ કદી મહાન થાય નહીં. ભેદજ્ઞાન વડે જ મહાનપણું થાય છે.

ભાઈ, બીજાના આશરાથી તું સુખી થવા માગે, તે તો તારી દીનતા છે. મહાનતા તો એમાં છે કે –હું પોતે સર્વજ્ઞતા ને પૂર્ણ આનંદથી ભરપૂર ભગવાન છું, મારા જ્ઞાન કે સુખ માટે કોઈ બીજાનું આલંબન નથી –એમ સ્વસંવેદનથી પોતાના આત્માની શ્રદ્ધા કરવી. જે સિદ્ધને તું નમસ્કાર કરે છે તેમના જેવા થવાનું સામર્થ્ય તારામાં પણ છે જ. આત્મા જ પોતે પરમાત્મા થાય છે. 'अप्पा सो परमप्पा' (સર્વ જીવ છે સિદ્ધસમ.)

અરે જીવ! આવા સ્વરૂપને સાધવાના ટાણે તું નિશ્ચિંત થઈને મોહની ઊંઘમાં કાં સૂતો? તું જાગ રે જાગ! તારા ચૈતન્યના નિધાન લૂંટાઈ જાય છે, તેને સંભાળ! આત્મભાન વિના બાહ્યક્રિયા અને રાગના મોહમાં તું સંસારમાં રખડી રહ્યો છે, તેનાથી છૂટવાનો હવે આ અવસર તને મળ્યો છે. તો સત્સમાગમે આત્માના સ્વભાવનો નિર્ણય કર. એવો દ્રઢ નિર્ણય કર કે નિર્વિકલ્પ થઈને સ્વસંવેદન પ્રત્યક્ષ અનુભવ થાય.

## જયપુર - પ્રવચનો આપ વાંચી રહ્યા છો....... (પૃષ્ઠ ૧૫ થી ચાલુ)

જ્ઞાયકભાવનો અનુભવ કરાવવા સમયસારની છઠ્ઠી ગાથામાં પયાર્યભેદોનો નિષેધ કર્યો, એટલે પર્યાયભેદના લક્ષરૂપ વ્યવહાર છોડાવ્યો; ને સાતમી ગાથામાં ગુણભેદના લક્ષરૂપ વ્યવહાર છોડાવ્યો છે. એ રીતે વ્યવહારથી પાર એકરૂપ જ્ઞાયક ભાવનો નિર્વિકલ્પ અનુભવ થતાં શુદ્ધ આત્મા જણાય છે. આ રીતે ભેદરહિત આત્માનો અનુભવ કરીને તેને શુદ્ધઆત્મા કહ્યો છે. વિકલ્પનો અને ભેદનો અનુભવ તે અશુદ્ધતા છે; શુદ્ધઆત્માના અનુભવમાં તેનો અભાવ છે.

આવા આત્માનો અનુભવ થતાં ચોથું ગુણસ્થાન થયું, એટલે પોતામાં પોતાના પરમાત્માનો ભેટો થયો. આ પરમાત્મામાં વિભાવ છે જ નહિ, એટલે તેની ચિંતા પરમાત્મામાં નથી. આવા આત્માને અનુભવનાર ધર્મી કહે છે કે અહા, અમારું આવું પરમાત્મતત્ત્વ ! તેમાં વિભાવ છે જ ક્યાં, – કે તેને ટાળવાની ચિંતા કરીએ ? અમે તો વિભાવથી પાર એવા અમારા આ પરમ તત્ત્વને જ અનુભવીએ છીએ. આવી અનુભૂતિ તે જ મુક્તિને સ્પર્શે છે. આ સિવાય બીજી કોઈ રીતે મુક્તિ નથી – નથી.

જે શુદ્ધ પરમ તત્ત્વ છે તેના અનુભવમાં તો જ્ઞાન–દર્શન–ચારિત્ર–આનંદ બધું સમાઈ જાય છે; પણ હું જ્ઞાન છું– હું દર્શન છું – હું ચારિત્ર છું – એવા વિકલ્પોનો પરમતત્ત્વમાં પ્રવેશ નથી; તેથી આત્માને જ્ઞાન–દર્શન–ચારિત્રના ભેદથી કહેવો તે પણ વ્યવહાર છે. એવા વ્યવહારના આશ્રયે વિકલ્પ થાય છે, શુદ્ધતત્ત્વ અનુભવમાં નથી આવતું. અભેદના આશ્રયે શુદ્ધતત્ત્વનો નિર્વિકલ્પ અનુભવ થાય છે.

**‘નીકટવર્તી શિષ્યને’** અભેદ સમજાવતાં વચ્ચે ભેદ આવી જાય છે. શિષ્ય કેવો છે ? – નીકટવર્તી છે. તેમાં બે પ્રકાર–

- એક તો સ્વભાવની નજીક આવેલો છે ને હવે નજીકમાં જ સ્વભાવનો અનુભવ કરવાનો છે, એટલે નીકટવર્તી છે
- બીજું, સમજવાની ધગશપૂર્વક જ્ઞાની ગુરુની નીકટમાં આવ્યો છે, માટે નીકટવર્તી છે.

– આમ ભાવથી અને દ્રવ્યથી બંને રીતે નીકટવર્તી છે.

સ્વભાવની વાત સાંભળતાં ભડકીને દૂર નથી ભાગતો, પણ સ્વભાવની વાત સાંભળવા પ્રેમથી નજીક આવે છે, ને સાંભળીને તેની રુચિ કરીને સ્વભાવમાં નજીક આવે છે. આવો નિકટવર્તી શિષ્ય વ્યવહારના ભેદકથનમાં ન અટકતાં તેનો પરમાર્થ સમજીને આત્માના સ્વભાવનો અનુભવ કરી લ્યે છે. કેવો અનુભવ કરે છે? – કે અનંત ધર્મોને જે પી ગયો છે, અને જેમાં અનંત ધર્મોનો સ્વાદ પરસ્પર કિંચિત્ મળી ગયેલો છે – એવો એક અભેદ સ્વભાવપણે ધર્મી પોતાને અનુભવે છે. જ્ઞાન–દર્શન–ચારિત્રના ભેદને તે નથી અનુભવતો. આવો અનુભવ કરવા માટે તત્પર થયેલા નીકટવર્તી શિષ્યજનને માટે આ શુદ્ધાત્માનો ઉપદેશ છે. પોતાના સ્વાનુભવથી જ આવો આત્મા પમાય છે, બીજા કોઈ પ્રકારે પમાતો નથી.

ધર્મી અને ધર્મ વચ્ચે સ્વભાવભેદ નથી; છતાં ભેદનો વિકલ્પ કરે તો એક ધર્મીઆત્મા અનુભવમાં આવતો નથી. એટલે ભેદરૂપ વ્યવહારને ઓળંગીને, અનંતધર્મસ્વરૂપ એક આત્માને સીધો લક્ષમાં લેતાં નિર્વિકલ્પપણે શુદ્ધ આત્મા અનુભવમાં આવે છે.

પોતાની ચૈતન્યવસ્તુનો અનુભવ કરતાં ગુણગુણીભેદનો વિકલ્પ પણ નથી રહેતો, નિર્વિકલ્પ આનંદનો અનુભવ રહે છે. એકલો આનંદ નહિ પણ અનંત ગુણનો રસ અનુભવમાં એક સાથે વર્તે છે. સમ્યગ્દર્શન થતાં આવી દશા થાય છે.

સમ્યગ્દર્શન થવા કાળે શુદ્ધોપયોગ હોય છે; પણ, 'આ શુદ્ધોપયોગ અને હું આત્મા' એવો ભેદ પણ ત્યાં નથી; અભેદ એક વસ્તુનો જ અનુભવ છે. 'હું શુદ્ધ છું' એવો પણ વિકલ્પ અનુભૂતિમાં નથી. 'હું જ્ઞાયક છું' – એવા વિકલ્પથી શું? તે વિકલ્પમાં કાંઈ આત્મા નથી. વિકલ્પથી પાર થઈને જ્ઞાન જ્યારે સ્વસન્મુખ એકાગ્ર થયું ત્યારે આત્મા સાક્ષાત્ અનુભવમાં આવ્યો, ત્યારે તે જ્ઞાન ઇન્દ્રિયોથી ને આકુળતાથી પાર થઈને આત્મામાં વળ્યું. આત્મા પોતાના યથાર્થસ્વરૂપે પોતામાં પ્રસિદ્ધ થયો. –આવી સમ્યગ્દર્શનની રીત છે.

અનાદિનું તો મિથ્યાત્વ છે, પણ જ્ઞાન જ્યાં જાગ્યું ને જ્ઞાનસ્વભાવરૂપ પોતાનો નિર્ણય કરીને, રાગથી જુદું પડી સ્વસન્મુખ થયું ત્યાં એકક્ષણમાં સમ્યગ્દર્શન થાય છે. એકક્ષણમાં મિથ્યાત્વનો નાશ કરીને સમ્યગ્દર્શન કરવાની આત્મામાં અચિંત્ય તાકાત છે.

સમ્યગ્દર્શન માટે શુદ્ધ આત્માનું સ્વરૂપ આચાર્યદેવ સમજાવે છે ત્યારે જિજ્ઞાસુ શિષ્ય આંખો ફાડીને એટલે કે સમજવાની ધગશથી જ્ઞાનને એકાગ્ર કરીને લક્ષમાં લ્યે છે; તેને શુદ્ધાત્માને લક્ષમાં લેવાની ઇંતેજારી છે. સાંભળતાં – સાંભળતાં ઊંઘતો નથી, અથવા સંદેહ કે કંટાળો કરતો નથી, પણ ટગટગ મીટ માંડીને સમજવા તરફ જ્ઞાનને એકાગ્ર કરે છે.

શુદ્ધાત્માનું સ્વરૂપ સાંભળતાં તત્કાળ જ તેમાં ઉપયોગ લગાવીને એકાગ્ર કરે છે, પ્રમાદ કરતો નથી, 'પછી વિચાર કરીશ, ઘરે જઈને પછી કરીશ, ફૂરસદે કરીશ' – એમ બેદરકારી કરતો નથી, પણ તત્ક્ષણે જ તેવા શુદ્ધ આત્મામાં ઉપયોગને એકાગ્ર કરે છે ને આનંદપૂર્વક આત્માને અનુભવે છે. –આવી ઉત્તમ પાત્રતાવાળો શિષ્ય તરત જ સમ્યગ્દર્શન પામી જાય છે. જેમ ઋષભદેવના જીવને જુગલિયાના ભવમાં મુનિઓએ સમ્યગ્દર્શનનો ઉત્તમ ઉપદેશ આપીને કહ્યું કે હે આર્ય! તું હમણાં જ આવા સમ્યક્ત્વને ગ્રહણ કર [ तत्गृहाणाद्य सम्यक्त्वं तत्लामे काल पष ते। ] – મુનિઓનો તે ઉપદેશ સાંભળતાંવેંત તે જ ક્ષણે અંતર્મુખ થઈને તે જીવે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું. – આ રીતે ઉત્તમ પાત્રતાવાળા જીવની વાત લીધી છે, કે જેને ઉપદેશ સાંભળતાંવેત તરત અંતરમાં પરિણમી જાય છે.

શ્રીગુરુએ જ્ઞાયકઆત્મા બતાવ્યો; અને શિષ્યને સમજાવવા માટે એટલો ભેદ પાડીને કહ્યું કે 'જ્ઞાન–દર્શન–ચારિત્રસ્વરૂપ આત્મા છે.' –એટલું સાંભળતાં પણ શિષ્ય, દર્શન–જ્ઞાન–ચારિત્રના ભેદના વિકલ્પમાં ઊભો ન રહ્યો પણ જ્ઞાનને અભેદમાં એકાગ્ર કરીને સીધો આત્માને પકડી લીધો કે અહો! આવો મારો આત્મા ગુરુએ મને બતાવ્યો! આ રીતે શ્રીગુરુએ અભેદ આત્મા સમજાવવા ભેદ પાડીને સમજાવ્યું અને પાત્ર શિષ્ય પણ તત્કાળ ભેદનું લક્ષ છોડીને અભેદ આત્માને સમજી ગયો. વાર ન લગાડી, બીજા કોઈ લક્ષમાં ન અટક્યો, પણ તરત જ જ્ઞાનને અંતરમાં ટગટગ એકાગ્ર કરીને આત્માને સમજી ગયો. સમજતાં તેને આત્મામાં શું થયું? – કે તત્કાળ અત્યંત આનંદ સહિત સુંદર બોધતરંગ ઊછળવા લાગ્યા. અહા, જ્ઞાન સાથે પરમ આનંદના તરંગ ઊછળ્યા. જાણે આખો આનંદનો દરિયો ઊછળ્યો. પોતામાં જ આનંદનો દરિયો દેખ્યો. નિર્વિકલ્પ અનુભૂતિ કરીને ભગવાનસ્વરૂપે પોતે જ પોતામાં પ્રગટ થયો.

જેમ આ શિષ્યે તત્કાળ નિર્વિકલ્પ આનંદસહિત આત્માનો અનુભવ કર્યો તેમ દરેક જીવમાં એવો અનુભવ કરવાની તાકાત છે. અંદર જ્ઞાનને એકાગ્ર કરવું જોઈએ.

વાણીમાં કે વિકલ્પમાં ક્યાંય ન અટકતાં, શુદ્ધાત્મા ઉપર ટગટગ મીટ માંડીને જ્ઞાનને તેમાં એકાગ્ર કર્યું, ત્યાં અતીન્દ્રિય જ્ઞાનતરંગ પ્રગટયા અને સાથે પરમ આનંદનો અનુભવ થયો. – સમ્યગ્દર્શન થવાનું આ વર્ણન છે.

શ્રોતા – શિષ્ય એવો પાત્ર હતો કે ભેદની દ્રષ્ટિ છોડીને સીધો અભેદમાં ઘૂસી ગયો.... ભેદનું – વ્યવહારનું – શુભનું આલંબન છોડવામાં એને સંકોચ ન થયો; શુદ્ધ–આત્માને લક્ષમાં લેતાં જ મહાન આનંદસહિત એવું નિર્મળજ્ઞાન ખીલ્યું કે બધા ભેદનું – વ્યવહારનું –રાગનું આલંબન છૂટી ગયું. જ્ઞાન અને રાગની અત્યંત ભિન્નતા અનુભવમાં આવી ગઈ. જ્ઞાન સાથે આનંદ હોય છે; જેમાં આનંદનું વેદન નહીં તે જ્ઞાન સાચું જ્ઞાન જ નથી. આનંદ વગરના એકલા જાણપણાને ખરેખર જ્ઞાન કહેતા નથી. એકલું પરલક્ષી જ્ઞાન તે સાચું જ્ઞાન નથી.

શિષ્ય સીધો અભેદને પહોંચી શક્યો ન હતો ત્યાં સુધી વચ્ચે ભેદ હતો, શ્રી ગુરુએ પણ ભેદથી સમજાવ્યું હતું, પણ તે ભેદ, ભેદનું આલંબન કરવા માટે ન હતો, વક્તાને કે શ્રોતાને કોઈને ભેદના આલંબનની બુદ્ધિ ન હતી, તેમનો અભિપ્રાય તો અભેદ વસ્તુ જ બતાવવાનો અને તેનો જ અનુભવ કરવાનો હતો. તે અભિપ્રાયના બળે જ્ઞાનને અંતરમાં અભેદ સ્વભાવમાં એકાગ્ર કરીને દર્શન–જ્ઞાન–ચારિત્રના ભેદનું અવલંબન પણ છોડી દીધું.... ને તરત જ મહાન અતીન્દ્રિય આનંદ સહિત સમ્યગ્જ્ઞાનના સુંદર તરંગ ખીલી ઊઠયા... સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, પરમ આનંદ થયો. આવી નિર્વિકલ્પ અનુભૂતિસહિત શિષ્ય પોતાના આત્માનું શુદ્ધસ્વરૂપ સમજી ગયો.

–આવા ભાવથી સમયસાર સાંભળે તેને પણ નિર્વિકલ્પ આનંદના અનુભવ સહિત સમ્યગ્દર્શન થાય જ. અહીં તો કહે છે કે– વાર ન લાગે, પણ તરત જ થાય. પોતાના આત્માની પ્રાપ્તિ માટે જેને સાચી તૈયારી થાય તેને તરત જ તેની પ્રાપ્તિ થાય જ; અરે, આકાશમાંથી ઊતરીને સંતો તેને શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવે. – જેમ મહાવીરના જીવને સિંહના ભવમાં, અને ઋષભદેવના જીવને ભોગભૂમિના ભવમાં સમ્યક્ત્વની તૈયારી થતાં ઉપરથી ગગનવિહારી મુનિઓએ ત્યાં ઊતરીને તેને આત્માનું સ્વરૂપ સમજાવ્યું, ને તે જીવો પણ સમ્યગ્દર્શન પામ્યા.... કેવી રીતે પામ્યા ? – તે વાત આ ગાથામાં સમજાવી છે. ભેદનું લક્ષ છોડી, અનંતધર્મથી અભેદ આત્મામાં જ્ઞાનને એકાગ્ર કરતાં, નિર્વિકલ્પ આનંદના અનુભવસહિત સમ્યગ્દર્શન પામ્યા. સુંદર બોધતરંગ ઉલ્લસ્યા. આ રીતે તત્કાળ સમ્યગ્દર્શન થવાની રીત સમજાવીને સંતોએ તો માર્ગ સરલ કરી દીધો છે. ( આપે વાંચ્યું जयपुरप्रवचन વિશેષ આવતા અંકે )

# આપના પ્રશ્નોના જવાબ

બાળકો તથા જિજ્ઞાસુઓ તરફથી આવેલા પ્રશ્નોમાંથી ૭૫ પ્રશ્નો તથા તેના જવાબ ગતાંકમાં આપેલ છે; વિશેષ પ્રશ્નો તથા તેના જવાબો અહીં આપીએ છીએ. જિજ્ઞાસુઓ આ વિભાગમાં સારો રસ લઈ રહ્યા છે. (આપ પણ આપના પ્રશ્નો મોકલી શકો છો.) સં.

(૭૬) પ્રશ્નઃ– જ્ઞાનસ્વભાવની સન્મુખ થવા માટે શું કરવું? (પ્રેમચંદ જૈન, ખૈરાગઢ)

ઉત્તરઃ– ‘જ્ઞાનસ્વભાવ’ જેને કહેવામાં આવે છે તે શું ચીજ છે? અને સમસ્ત રાગાદિ પરભાવોથી એની અત્યંત ભિન્નતા કયા પ્રકારે છે – તે બરાબર નક્કી કરીને વારંવાર તેનું મનન કરવું. ‘આવો જ્ઞાનસ્વભાવ જ હું છું’ – એમ પરમપ્રીતિથી વારંવાર વેદનનો પ્રયત્ન કરતાં જ્ઞાનસ્વભાવની સન્મુખતા થાય છે ને તે જ્ઞાનમાં પરમશાંતિ વેદાય છે.

(૭૭) પ્રશ્નઃ– સમ્યગ્દ્રષ્ટિને કયા ગુણથી ઓળખી શકાય?

ઉત્તરઃ– હું જે જ્ઞાનસ્વભાવ છું તે જ્ઞાનસ્વભાવ જ છું; કોઈપણ પ્રસંગે કોઈપણ રાગાદિ પરભાવમાં હું ભળી જતો નથી – આવું ‘આત્મત્વ’ સમ્યગ્દ્રષ્ટિને સદાય વર્તે છે. આવું પરભાવથી ભિન્ન આત્મત્વ આપણે લક્ષમાં લઈએ તો જ સમ્યગ્દ્રષ્ટિને ઓળખી શકીએ. અને આવા લક્ષપૂર્વક જોઇએ તો, જ્ઞાનીની વાણીમાં – ચેષ્ટામાં પણ ચૈતન્યભાવ ઝળકતો દેખાય છે. પોતામાં આવું સૂક્ષ્મલક્ષ થયા વગર જ્ઞાનીની સાચી ઓળખાણ થતી નથી, માત્ર બાહ્ય ઓળખાણ થાય છે.

(૭૮) પ્રશ્નઃ– સંસારની અરુચિ છે, વિભાવનો ડર લાગે છે, ચૈતન્યસ્વભાવની લગની છે, તોપણ જ્ઞાયકદેવ કેમ પ્રગટ નથી થતા? (મુમુક્ષુબેન)

ઉત્તરઃ– બેન, પ્રશ્ન બહુ સારો છે; તેના ઉત્તરમાં જ્ઞાયકદેવ પોતે કહે છે – હું તો પ્રગટ હાજર તમારી પાસે જ છું, તમે કેમ મારી સામે નથી જોતા?

હું અપ્રગટ નથી, પણ તમે તમારી જ્ઞાનઆંખોને ખોલીને મારી તરફ દેખો. બહારની આંખો ( ઇન્દ્રિયચક્ષુ ) બંધ કરો.

સંસારની અરુચિ છે – એમ જો ખરેખર હોય તો પરિણતિ એમાં જ કેમ ઊભી રહે છે? વિભાવનો ડર ખરેખર લાગતો હોય તો સામેથી દોડીદોડીને તેમાં પરિણામે કેમ લાગ્યા કરે છે? ચૈતન્યસ્વભાવની લગની ખરેખરી હોય તો કોની તાકાત છે કે પરિણતિને તેમાં તન્મય થતાં રોકી શકે? 'ચૈતન્યસ્વભાવ – જ્ઞાયકદેવ' હું પોતે છું – એમ જો લક્ષગત થાય તો જ સંસારની અરુચિ અને આત્માની લગની ખરી થાય. ચૈતન્યની લગની તો એવી તીખી હોય છે કે પરભાવની સામે જોતી નથી, પરભાવો તેની પાસે એવા બળવાન નથી થઇ શકતા કે આત્માને બીવડાવે; ઊલ્ટું આત્માથી ડરીને પરભાવો દૂર ભાગે છે. – આ પરિસ્થિતિ લક્ષમાં લઈને પોતાની દશાનો ફરીફરી વિચાર કરવાથી, આત્મામાં ઊંડે ઊતરવાનું થશે અને જ્ઞાયકદેવને કેમ દેખવા તેની સૂઝ પડશે..... જ્ઞાયકદેવ જરૂર પ્રગટ થશે.

( ૭૯ ) પ્રશ્નઃ– ભગવાન હોય તે તીર્થંકર હોય? ( વિમલાબેન, હિંમતનગર )

ઉત્તરઃ– કેવળજ્ઞાન જેમને પ્રગટયું છે એવા અરિહંતો ને સિદ્ધો તે ભગવાન છે; તે બધા ભગવંતોને તીર્થંકરપણું નથી હોતું, તીર્થંકર–નામકર્મનો ઉદય જેમને હોય એવા અમુક અરિહંત ભગવંતોને જ તીર્થંકરણપણું હોય છે. તે તીર્થંકરોને પંચકલ્યાણક, સમવસરણરચના, દિવ્યધ્વનિ વગેરે હોય છે ને તેમના નિમિત્તે ધર્મતીર્થ પ્રવર્તે છે. ( પણ સમ્યગ્દર્શન –જ્ઞાન–ચારિત્રરૂપ ધર્મતીર્થ પોતામાં પ્રગટ કરીને તે ભગવંતો ભવથી તર્યા–તે અપેક્ષાએ બધાય ભગવંતોને તીર્થંકર કહી શકાય છે. અને સમ્યગ્દ્રષ્ટિ પણ પોતાના સમ્યક્ત્વરૂપ તીર્થના કર્તા છે. )

( ૮૦ ) પ્રશ્નઃ– શ્રેણીકરાજા ક્ષાયિક સમકિતી હતા, તો તેઓ હાલ ક્યાં છે? ને ક્ષાયિક સમકિત એટલે શું ? ( પ્રવીણ એમ. જૈન, ભાવનગર )

ઉત્તરઃ– ક્ષાયિક સમકિત એટલે આત્માના સ્વભાવની એવી જોરદાર શ્રદ્ધા કે જ્યાં મિથ્યાત્વાદિ કર્મનો ક્ષય થઈ જાય. ક્ષાયિક સમ્યગ્દર્શન કેવળી કે શ્રુતકેવળી પ્રભુની હાજરીમાં જ થાય છે; ક્ષાયિક સમ્યગ્દર્શન થયા પછી વધુમાં વધુ ત્રીજા ભવે જીવ મોક્ષ પામે જ. શ્રેણીક રાજાને ક્ષાયિકસમ્યગ્દર્શન થયું છે.

અને અત્યારે તેઓ ક્ષાયિક સમ્યગ્દર્શન સહિત ચોથા ગુણસ્થાનમાં બિરાજે છે. ૮૧૫૦૦ વર્ષ પછી તેઓ આ ભરતક્ષેત્રમાં તીર્થંકરપણે અવતાર લેશે, ને તે જ ભવે મોક્ષ પામશે. ગતિઅપેક્ષાએ તેઓ અત્યારે નરકમાં છે, પણ સમ્યક્ત્વસહિત છે ને તીર્થંકરપ્રકૃતિ બાંધી રહ્યા છે, તેથી એક ભવે મોક્ષ પામશે. નરકમાં જવાનું કારણ એ છે કે પહેલાં અજ્ઞાનદશામાં તેમણે જૈનમુનિરાજની મોટી વિરાધના કરી હતી.

**દુનિયામાં ગમે ત્યાં હોય - મુમુક્ષુ જીવ પોતાના આત્મહિતના ધ્યેયને કદી ભૂલતો નથી, કે ઢીલું કરતો નથી.**




- બોટાદ મુમુક્ષુ મંડળના એક સભ્ય ભાઈશ્રી દામોદરદાસ સુખલાલ કામદાર (ઉ. વ. ૬૨) વૈશાખ વદ દશમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
- મોરબીના ભાઈશ્રી મણિલાલ તથા ચંદુલાલ ત્રિભુવનદાસ ઘડિયાળીના માતુશ્રી સમરતબેન (ઉ. ૮૨) જેઠ સુદ ૧૧ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.
- લીંબડીના રહીશ ભાઈશ્રી મણિલાલ કાળીદાસ, તેઓ રમણીકભાઈ સંઘવીના પિતાશ્રી (ઉ. વ. ૮૦) રાજકોટ મુકામે તા. ૧૩-૬-૭૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
- વીંછીયાના ભાઈ શ્રી શાંતિલાલ જીવરાજ વોરાના સુપુત્ર શશીકાંત, માત્ર ૧૬ વર્ષની યુવાનવયમાં સાતદિવસની માંદગીથી જેઠ વદ બીજના રોજ સ્વર્ગવાસ પામી ગયા છે. (તેઓ બાલવિભાગના સભ્ય હતા ને ધાર્મિક પ્રવૃત્તિમાં ઉત્સાહથી ભાગ લેતા હતા. આપણા રિવાજ મુજબ બાલવિભાગના સભ્યો આ સમાચાર વાંચો ત્યારે નવવાર નમસ્કારમંત્રનો જાપ કરશો.)

**-સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવ-ગુરુ-ધર્મની ઉપાસના વડે આત્મહિત પામો.**

(વૈરાગ્યસમાચારમાં છાપવા માટેના લેખિત સમાચાર એક માસમાં સીધા સંપાદકને મળી જવા જરૂરી છે. વિશેષ જુના કે મૌખિક સમાચારો સ્વીકારાતા નથી.)

# આત્માનું એકત્વ

- મુમુક્ષુ કહે છે કે પ્રભો! તારા એકત્વના માર્ગે હું એકલો ચાલ્યો આવું છું. તારી વીર–હાક સુણીને મોક્ષપંથે એકલો – એકલો (એકત્વમાં પરિણમતો – પરિણમતો) ચાલ્યો આવું છું. જગત સામે જોવાનું મારે પ્રયોજન નથી. મુક્તિનો માર્ગ તે 'એકત્વનો માર્ગ' છે; આત્મા સિવાય બીજા બધાથી તે નિરપેક્ષ છે.
- જે પોતાની ચેતનામાં પરિણમે છે તે આત્મા છે. ચેતનાથી બહાર જે કાંઈ છે તે આત્મા નથી. આત્મા પોતાની ચેતનાથી બહાર કદી પરિણમે નહિ.
- અહા, એકત્વભાવનામાં તત્પર આત્માને કદી બંધન થતું નથી, દુઃખ થતું નથી, તે પોતે પોતાના એકત્વના આનંદમાં જ ડોલે છે. હે જીવ! સંસારક્લેશથી તું થાક્યો હો તો અંતરમાં તારા એકત્વને શોધ. "એકત્વ એથી નય – સૂજ્ઞ ગોતે."
- અજ્ઞાનીપણે સંસારના દુઃખ ભોગવવામાં તું એકલો હતો, મોક્ષમાર્ગને સાધવામાં તું એકલો છો, અને સિદ્ધદશામાં પણ સાદિઅનંતકાળ તું એકલો જ તારા નિજાનંદમાં મ્હાલીશ.
- તારો ચેતનસ્વરૂપ આત્મા ખરેખર 'એક' છે; તેમાં બીજું કોઈ નથી. માટે પરભાવમાં અહંપણું છોડીને તું જાગ, ને તારા એકત્વરૂપ શુદ્ધઆત્માને દેખ.
- અરે, એકત્વસ્વરૂપ આત્માની અનુભૂતિમાં 'હું જ્ઞાન છું' એટલો વિકલ્પ પણ જ્યાં નથી પાલવતો, ત્યાં બાહ્યલક્ષી બીજા રાગની તો શી વાત? ગુણભેદના એક સૂક્ષ્મ વિકલ્પની પણ પક્કડ રહે ત્યાં સુધી એકત્વસ્વરૂપ શુદ્ધઆત્મા શ્રદ્ધામાં – જ્ઞાનમાં કે વેદનમાં આવતો નથી. આત્માના એકત્વમાં જે પરિણમ્યો તે સર્વે વિકલ્પથી જુદો થયો. જ્ઞાન અને વિકલ્પની સર્વથા ભિન્નતા તેણે જાણી – અનુભવી.
- તત્ત્વવેદી ધર્માત્મા એમ અનુભવે છે કે સર્વ વિભાવ વગરનું એક શુદ્ધજીવાસ્તિકાય જ અમારું સ્વતત્ત્વ છે, બીજું કાંઈ અમારું નથી. – આવા એકત્વનો અનુભવ કરનાર તત્ત્વવેદી જીવ અત્યંત અલ્પકાળમાં જ અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.




## ( નવા સભ્યોનાં નામ )

| | | | |
|---|---|---|---|
| ૨૯૨૬ હર્ષાબેન બી. જૈન | કલકત્તા | ૨૯૩૯ કિશોરકાંત વસંતકુમાર જૈન | જામનગર |
| ૨૯૨૭ દિનેશકુમાર નાનચંદ જૈન | માલાવાડા | ૨૯૪૦ સુશીલાબેન વસંતકુમાર જૈન | જામનગર |
| ૨૯૨૮ પ્રવીણચંદ નટવરલાલ જૈન | માલાવાડા | ૨૯૪૧ ચીમનલાલ રમણીકલાલ જૈન | જામનગર |
| ૨૯૨૯ હંસાબેન હિંમતલાલ જૈન | સણીયા( હેમાદ ) | २९४२ सुमनकुमारी बी। जैन | कलकत्ता |
| ૨૯૩૦ અંજનાબેન નંદલાલ જૈન | સુરત | २९४३ भारतीबाला बी। जैन | कलकत्ता |
| ૨૯૩૧ વીણાબેન સુરેશચંદ્ર જૈન | મુંબઈ | ૨૯૪૪ કિશોરકુમાર પ્રભુદાસ જૈન | પ્રતાપરા |
| ૨૯૩૨ સ્મીતાબેન સુરેશચંદ્ર જૈન | મુંબઈ | २९४५ विनोदकुमार मदनलाल जैन | लोहारदा |
| ૨૯૩૩ આરતીબેન સુરેશચંદ્ર જૈન | મુંબઈ | २९४६ मंजुलाबेन मदनलाल जैन | लोहारदा |
| ૨૯૩૪ ટીનુભાઈ સુરેશચંદ્ર જૈન | મુંબઈ | २९४७ पवनकुमार मदनलाल जैन | लोहारदा |
| ૨૯૩૫ જયશ્રીબેન મહેન્દ્રલાલ જૈન | દાહોદ | २९४८ राजेन्द्रकुमार मदनलाल जैन | लोहारदा |
| ૨૯૩૬ જિતેન્દ્રકુમાર મહેન્દ્રલાલ જૈન | દાહોદ | ૨૯૪૯ સોનલબેન હસમુખલાલ જૈન | વઢવાણ |
| ૨૯૩૭ પ્રસન્નકુમાર મહેન્દ્રલાલ જૈન | દાહોદ | ૨૯૫૦ મહેશકુમાર મણિલાલ જૈન | ભદ્રાવડ |
| ૨૯૩૮ ભારતીબેન વસંતકુમાર જૈન | જામનગર | ૨૯૫૧ પ્રવીણચંદ્ર ત્રિભુવનદાસ જૈન | મુંબઈ – ૭૭ |

ધર્મના જિજ્ઞાસુ કોઈ પણ ભાઈ – બેન આ વિભાગમાં સભ્ય થઈ શકે છે. સભ્ય થવા માટે પૂરું નામ – સરનામું, ઉંમર, અભ્યાસ તથા જન્મદિવસ લખી મોકલવા. કાંઈ પ્રવેશ ફી નથી. આપના જીવનમાં ઉત્તમ સંસ્કાર રેડીને આત્મહિતની પ્રેરણા મેળવો – એ જ ઉદ્દેશ છે.

સરનામું – આત્મધર્મ – બાલવિભાગ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )

## જુનાગઢનો પત્ર –

જુનાગઢથી ભાઈશ્રી ગોકળદાસ કરશનજી ( તે રાજુલાબેનના પૂર્વભવના પિતાજી ) લખે છે કે અમે રાજકોટ પૂ. સ્વામીજી પાસે દર્શન કરવા આવેલ ત્યારે સ્વામીજી પાસેથી જૈનબાળપોથી, જીવનપરિચય અને આત્મસિદ્ધિપ્રવચનો નામક પુસ્તકો મળેલ; જે વાંચીએ છીએ. પુસ્તકો ખૂબ જ સરસ છે, ને સ્વામીજીની વાણી જીવનમાં ઉતારવા લાયક છે. ઉપરોક્ત પુસ્તકો વાંચી અહીંના અમારા સંબંધી જૈન ભાઈઓને પણ વાંચવા મોકલું છું. આપનાં પ્રકાશનો ખૂબ જ – ખૂબ જ સરસ અને દિવ્ય વાણીથી રસભર છે. મોકલતા રહેશો. સોનગઢ આવવા વિચાર છે.

# વિવિધ સમાચાર

- અશોકનગરમાં તા. ૨૬–૬–૭૧ થી ૧૦–૭–૭૧ સુધી જૈન શિક્ષણશિબિર–સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.
- મધ્યપ્રદેશમાં ભોપાલ વિદિશા અશોકનગર વગેરેમાં પં. જ્ઞાનચંદજી જૈન વગેરે વિદ્વાનો દ્વારા સારો તત્ત્વપ્રચાર ચાલી રહ્યો છે. તત્ત્વજિજ્ઞાસુઓ જાગૃત થયા છે; તેમજ તત્ત્વપ્રચાર માટે પોતાનો અધિક સમય આપી રહ્યા છે.
- સોનગઢમાં શ્રી પરમાગમમંદિરની છત ભરવાનું કામ અષાઢ સુદ છઠ્ઠના રોજ શરૂ થયું છે. અને અષાઢ માસની ચાલુ અષ્ટાન્હિકા દરમિયાન શ્રી જિનેન્દ્ર–સહસ્ત્રનામ મંડલવિધાન પૂજન આનંદપૂર્વક ચાલી રહ્યું છે. આ પૂજનવિધાન ભાઈશ્રી વૃજલાલભાઈ તથા હિંમતલાલભાઈ જે. શાહ તરફથી કરાવવામાં આવે છે. આ અગાઉ દશ વર્ષ પહેલાં વીર સં. ૨૪૮૭ માં પૂ. બેનશ્રી – બેન તરફથી પણ જિનેન્દ્ર સહસ્ત્રનામ મંડલવિધાન પૂજન થયું હતું, જે પહેલી જ વાર થતું હોવાથી ઘણો ઉલ્લાસ હતો; તેનો આનંદકારી અહેવાલ આપ 'સુવર્ણસન્દેશ' ના અંક ૨ અને ૩ માં વાંચી શકશો.
- **બ્રહ્મચર્ય-પ્રતિજ્ઞા**


  ભોપાલના વિદ્વાન ભાઈશ્રી હેમચંદજી જૈન (ઈજનેર) – તેમણે જયપુર મુકામે જેઠ સુદ ત્રીજના રોજ પૂ. ગુરુદેવ સમક્ષ આજીવન બ્રહ્મચર્ય–પ્રતિજ્ઞા અંગીકાર કરી છે. તેઓ પચીસ વર્ષના સુશિક્ષિત યુવાન છે, બાલબ્રહ્મચારી છે ને શાસ્ત્રના અભ્યાસી છે; જ્ઞાનપ્રચારનો તેમને ઘણો પ્રેમ છે. અવારનવાર સોનગઢ આવીને લાભ લ્યે છે. આ શુભકાર્ય બદલ તેમને ધન્યવાદ!
- **ધાર્મિક શિક્ષણવર્ગ તથા પર્યુષણ પર્વ**

  સોનગઢમાં દરવર્ષની માફક જૈનભાઈઓ માટેનો શ્રાવણમાસનો ધાર્મિક શિક્ષણ વર્ગ શ્રાવણ સુંદ પાંચમને મંગળવારથી શરૂ કરીને વીસ દિવસ સુધી ચાલશે.

  ત્યારબાદ શ્રાવણ વદ ૧૩ ને બુધવારથી શરૂ કરીને આઠ દિવસો ખાસ પ્રવચનના દિવસો તરીકે ગણાશે, અને ભાદરવા સુદ પાંચમ ને ગુરુવારથી ભાદરવા સુદ ચૌદશ સુધીના દશ દિવસો દસલક્ષણી પર્વ તરીકે ઉજવાશે.

# ચૈતન્યની ચર્ચાના ચમકાર

- મુમુક્ષુની બુદ્ધિ સ્વદ્રવ્યને પકડવામાં તીક્ષ્ણ છે. તીક્ષ્ણબુદ્ધિ એટલે જ્ઞાનપર્યાયની ઉગ્રતા, તેના વડે સ્વદ્રવ્ય પકડાય છે, વિકલ્પવડે સ્વદ્રવ્ય પકડાતું નથી.
- વિકલ્પ બંધનું કારણ છે, સ્વદ્રવ્ય તરફ ઢળેલો ભાવ તે મોક્ષનું કારણ છે. સ્વદ્રવ્ય તરફ ઢળેલો ભાવ વિકલ્પથી પાર છે.
- પર્યાયબુદ્ધિ એટલે શું ?
  સ્વદ્રવ્યને ભૂલીને પર્યાય જેટલો જ આખો આત્મા માનવો તે પર્યાયબુદ્ધિ છે. દ્રવ્યસહિત પોતાની પર્યાયને જાણવી તે કાંઈ પર્યાયબુદ્ધિ નથી.
- મનના વિકલ્પોથી અપેક્ષા છોડીને સીધા જ્ઞાનવડે આત્માનું લક્ષ થાય છે. જ્ઞાન સિવાય બીજી કોઈ રીતથી આત્મા લક્ષમાં આવતો નથી. વિકલ્પ તો જ્ઞાનથી જુદી જાત છે.
- શાસ્ત્રજ્ઞાનના લક્ષ વડે આત્મલક્ષ થતું નથી.
- આત્મલક્ષ કોઈ બાહ્યપદાર્થની કે રાગની અપેક્ષા રાખતું નથી. ઇન્દ્રિયોથી ને રાગથી છૂટું પડેલું, ને આત્માની સન્મુખ વળેલું જ્ઞાન જ આત્મલક્ષ કરે છે.
- વિકલ્પનું ઘોલન તે માર્ગ નથી, વિકલ્પ તે કાંઈ કાંઠો નથી. જ્ઞાનભાવનું ઘોલન તે કાંઠો છે, તે માર્ગ છે, તેના વડે ચૈતન્યસમુદ્રમાં પ્રવેશ થાય છે.
- આનંદને જાણનારું જ્ઞાન આનંદરૂપ થાય છે.
- પરંતુ રાગને જાણનારું જ્ઞાન રાગરૂપ થતું નથી, જુદું જ રહે છે.
- એક સમયમાં પોતે અનંત આનંદથી ભરેલો, એકેક સમયે અનંત આનંદ ભોગવે તો પણ ખૂટે નહિ – એવા મહાન આનંદનો નિધાન આત્મા, તે પોતે આનંદને બદલે દુઃખ ભોગવે – એ તે કેમ શોભે ? આનંદધામમાં તો આનંદ જ હોય ને ! આવા આત્માની સન્મુખ થતાં જ આનંદનો અદ્‌ભુત ઝણઝણાટ થાય છે.




**આ હસ્તાક્ષર ગુરુદેવના છે. ૧૪ વર્ષ પહેલાં જ્યારે ખંડગિરિ - ઉદયગિરિ તીર્થની યાત્રા માટે કલકત્તાથી ભૂવનેશ્વર વિમાનમાં પહેલી જ વાર પ્રવાસ કર્યો ત્યારે વિમાનમાં બેઠાબેઠા ઉપર મુજબ લખ્યું હતું.**

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૨૯૦૦
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (સૌરાષ્ટ્ર) અષાઢઃ (૩૩૩)